श्रीसत्यनारायण

छपावी प्रसिद्ध करनार

बुकसेलर काशीराम माणेकलाल.

२०७२

अमदावादमां


मामानी हवेली मध्ये अमदावाद युनाइटेड प्रींटींग अने ज॰ ए॰ कंपनी

लीमीटेडना प्रेसमां रणछोडलाल गंगारामे छाप्यो

संवत १९४०. सने १८८३.

कीमत आठ आना.

अथ [illegible]वता-चक्र[illegible].


पूर्व
गणपति
रवि
दक्षिण
उत्तर
पश्चिम

श्रीगणेशायनमः॥ ॥ अथसत्यनारायणव्रतविधिः ॥ ॥ पौर्णमास्यमा
वास्यासूर्यसंक्रमणव्यतीपाताष्टमीद्वादशीरविचौमभृगुसूर्यपर्वादिनेचंद्रानुकूल्ये
मनउत्साहेब्राह्मणमुखोक्तपर्वसुवासत्यनारायणव्रतंकुर्यात् ॥ तत्रैवं ॥
तद्दिनेप्रातर्नद्यादौसपत्नीकोयजमानःस्नात्वाताम्रमयमव्रणंजलपूरितकलशं
गृहमानीयोच्चस्थानेयोजयेत् ॥ तदनंतरंप्रातराह्निकंनिर्वर्त्यमनसाव्रतमुद्दि
श्यसंकल्पयेत् ॥ तद्दिनेनक्तभोजनं ॥ सायंकालेसर्वसामग्रींकृत्वातदुत्तरं
पत्न्यासहतिलामलककल्कसुगंधतैलाभ्यामंगंविलिप्यउष्णोदकेनस्नात्वापट्ट
दुकूलादिवस्त्रोपवस्त्रेसर्वालंकारांश्चयथाविभवंधारयेत्॥कुंकुमचर्चितोरंगवल्ल्या
द्यलंकृतपीठोपरिसपत्नीकउपविश्याद्विराचम्यपवित्रपाणिःप्राणानायम्यकुल
देवतांमातापितरौसमस्तब्राह्मणांश्चनमस्कृत्यदेशकालौसंकीर्त्यअमुकगोत्रोत्प
न्नोमुकशर्मा॰ अस्माकंसर्वेषां॰ समस्तदुरितोपशांत्यर्थंअलक्ष्मीपरिहारपूर्वकल
क्ष्मीप्राप्त्यादिमनोभिलाषितकामनासिद्धिद्वाराइहामुत्रचसकलभोगादिचतुर्विध
पुरुषार्थसिध्यर्थमंगीकृतसत्यनारायणव्रतांगत्वेनसंपादितसामग्र्यागणेशगौरी
वरुणब्रह्मविष्णुरुद्रसूर्यादिनवग्रहद्वांचष्टलोकपालगणपतिचतुष्टयदेवतापुजन

पूर्वकंश्रीसत्यनारायणप्रीत्यर्थंयथाशक्ति यथामीलितोपचारद्रव्यैः पुरुषसूक्त
श्रीसूक्तपुराणोक्तमंत्रैश्चध्यानावाहनादिषोडशोपचारैः पूजनंतद्व्रतोक्तकथा
श्रवणंचकरिष्ये ॥ शरीरशुद्ध्यर्थंआसनविध्यादिन्यासांश्चकलशशंखघंटार्च
नंकरिष्ये ॥ निर्विघ्नतासिद्ध्यर्थंगणपतिपूजनंपंचवाक्यैः पुण्यावाचनंदेवता
स्थापनंचकरिष्ये ॥ स्त्रीशूद्रादिःकर्ताचेद्वेदिकमंत्रप्रयोगोनकार्यः ॥ गणप
तिंसंपूज्य ॥ मत्वंमसकुटुंबायमहाज० अद्यकरिष्यमाणश्रीसत्यनारायणपू
जनाख्यस्यकर्मणःपुण्याहंभवंतोब्रुवंतु ॥ ॐ पुण्याहं ॥ मत्वंस० श्रीस०
ख्यायकर्मणेस्वस्तिभवंतोब्रुवंतु ॥ आयुष्मतेस्वस्ति॥मत्वं०कर्मणःऋद्धिंभ०
कर्मऋध्यतां ॥ मत्वं० श्रीरस्त्वितिभवंतोब्रु०अस्तुश्रीः॥कल्याणंभवंतोब्रु०
अस्तुकल्याणं ॥ आमूरजप्रत्या०प्रजापते० पुण्याहवाचनफलसमृद्धिरस्त्व
तिभवंतोब्रु० ॥ पुण्याहवाचनफलसमृद्धिर०॥आसनविध्यादिपुरुषसूक्तन्या
संकृत्वा ॥ ॐ नंपादाभ्यान० ॐ मोंजानुभ्यां० ॐ भंकटिभ्यां० ॐ गंना
भ्यै०ॐवंहृदया० ॐतेंबाहूभ्यांम०ॐवांकंठाय०ॐसुंमुखाय०ॐदेंनेत्राभ्यां
ॐवांललाटाय० ॐयंमूर्ध्ने० ॐनमोभगवतेवासुदेवायशिरसेस्वाहा ॥ ॐन

मोनारायणायइति दिग्बंधः ॥ कलशस्य० ॥ शंखादौ० ॥ आगमार्थं० ॥अप
वित्रःपवि० ॥ आत्मानंपूजाद्रव्याणिप्रोक्ष्य ॥ देवस्यवामभागेदीपस्थापन
पूजनंकुर्यात् ॥नोदीपब्रह्मरुप० ॥ रंगवल्ल्यादिवेष्टितपीठेकुंकुमेनाष्टदलंकृत्वा
तदुपरिजलपूरितप्रातरानीतकलशस्थापनंकुर्यात् ॥ तच्चेत्थं ॥ ॐमहीद्यौरि
तिभूमिंप्रार्थ्य ॥ ॐओषध०इतिपीठोपरिअष्टदलेगोधूमादिसप्तधान्यराशिं
कृत्वा० ॐआकलशेषुधावति०इतिधान्यराशौकलशंसंस्थाप्य ॥ ॐइमंमेगं
गेइत्युदकं ॥ ओंगंधद्वारामितिगंधं ॥ ओं कांडात्कांडादितिदुर्वां ॥ ओं अ
श्वत्थेवो०इतिपंचपल्लवान् ॥ ओं आफलिनीर्या० इतिफलं ॥ ओं सहिरत्ना
नीतिपंचरत्नानि ॥ ओं हिरण्यरूपेइतिहिरण्यं ॥ ओं युवासुवासाःइतिकल
शंकंठेवस्त्रेणावेष्ट्यअथवारक्तदोरकंबध्वा ॥ ओं पूर्णादर्वि० इतिकलशोपरि
शालितंडुलपूरितताम्रमयपूर्णपात्रंनिधाय ॥ तन्मध्येकुंकुमेनाष्टदलंकृत्वा ॥
ॐतत्वायामीतिवरुणमावाह्य ॥ वरुणायनमइतिनाममंत्रेणवरुणपूजांकृ-
त्वा ॥ ब्राह्मणानांशालिग्रामशिलापूजनं ॥ ब्राह्मणेतरेषांसुवर्णमयलक्ष्मी
नारायणप्रतिमापूजनंयंत्रपूजनंवाअथपीठदेवतास्थापनं ॥ ॐसर्वत्र ॥ मं-

डूंकायनमः कालाग्निरुद्रायन० आधारशक्त्यैन० कूर्माय० वराहाय० अनं-
ताय० सुधासिंधुपरिवृतपृथिव्यैनमः रत्नद्वीपाय० मणिमंडपायनमः कल्प-
तरवेन० वेदिकायै० मंचकाय० तत्पादचतुष्के धर्माय० ॥ ज्ञानाय० वैराग्या०
ऐश्वर्याय० गात्रचतुष्के अधर्माय० अज्ञानाय० अवैराग्या० अनैश्वर्याय० मध्ये
आनंदकंदाय० संविन्नालाय० सर्वतत्त्वात्मकपद्मा० प्रकृतिमयपत्रेभ्यो० वि
कारमयकेसरेभ्यो० पंचाशद्वर्णबीजाढ्यकर्णिकायै० सूर्यमंडलाय० चंद्रमंड
लाय० वन्हिमंडलाय० सत्वाय० रजसेन० तमसेन ० आत्मने० अंतरात्मने०
परमात्मने० ज्ञानात्मने० मायातत्त्वाय० कलातत्त्वाय० विद्यातत्त्वाय० पर
तत्त्वाय० इतिसंपूज्य ॥ पीठशक्तिंपूजयेत् ॥ दशदिक्षुप्रागादिक्रमेण ॥ ती
व्रायैन० ज्वालिन्यैनमः नंदायै० भोगदायै० कामरूपिण्यै० उग्रायै० तेजोव
त्यै० सत्यायै० पद्मवासिन्यै ॥ मध्येपीठशक्त्यैन० वामे ह्रींसर्वशक्तिकमला
सनाय० दक्षिणेपराशक्तिरुद्राय० अष्टदलमध्यात्पश्चिमेउदक्संस्थाः गण
पतये० गौर्यैन० वरुणाय० ॥ ब्रह्मणे० विष्णवे० रुद्राय० अष्टदलसंध्यग्रेब
हिः सूर्याय० चंद्रमसेन० सोमाय० बुधायन० बृहस्पतये० शुक्राय० शनैश्वरा

य॰ राहवे॰ केतवे॰ अष्टदलेषु इंद्राय॰ अग्नयेन॰ यमाय॰ निर्ऋतये॰ वरुणाय
वायवे॰ सोमाय॰ ईशानाय॰ चतुर्दलेषु गणपतये॰ दुर्गायै॰ क्षेत्रपालाय॰ वा
स्तोष्पतये॰ ॥ इतिपीठदेवतास्थापनंतत्पूजनंचकृत्वा ॥ मध्येसंपूजितपीठे
अष्टशक्ति श्रीलक्ष्मीसहितसत्यनारायणायनमः सत्यनारायणंआवाहयामि
॥ अथध्यानं ॥ शांताकारंभुजगश॰ ॥ ॐऋतः सत्यंपरंब्र॰. ॥ ध्यायेत्सत्यं
गुणातीतंगुणत्रयसमन्वितं ॥ लोकनाथंत्रिलोकेशंकौस्तुभाभरणंहरिम् ॥१॥
नीलवर्णपीतवासंश्रीवत्सपदभूषितं ॥ गोविंदंगोकुलानंदंब्रह्माद्यैरपिपूजितं
॥२॥ अंजलौपुष्पंगृहीत्वाहृदिस्थंदेवंश्वाससमार्गेणपुष्पेआगतंध्यात्वा ॥ ॐस
हस्रशीर्षा॰ ॐहिरण्यवर्णां॰ ॥ आगच्छदेवदेवेशतेजोराशेजगत्पते ॥ क्रिय
माणांमयापूजांगृहाणसुरसत्तम ॥१॥ श्रीसत्यनारायणंसांगंसपरिवारंसायु
धंसशक्तिकमावाहयामि ॥ इतिपुष्पंसमर्पयेत् ॥ शालिग्रामशिलायांनित्यपू
ज्यमूर्त्यादौवापूजनंचेत्पूर्वोक्तप्रकारेणनावाहनम् ॥ किंतुआवाहनमंत्रैःपुष्पां
जलिसमर्पणंमात्रंकार्यं ॥ ॐपुरुषएवेदंसर्वं॰ ॥ ॐतांमआवहजातवे॰ ॥ ना
नारत्नसमायुक्तंकार्तस्वरविभूषितम् ॥ आसनंदेवदेवेशप्रीत्यर्थंप्रतिगृह्यता

मू॥२॥ श्रीसत्यनारायणायसांगायसपरिवारायमनमः ॥ आसनंस० ॥ॐए
तावानस्यमाहिमा०अश्वपूर्वां० ॥ गंगादिसर्वतीर्थेभ्योम[illegible]प्रार्थनयाहृतम् ॥
तोयमेतत्सुखस्पर्शंपाद्यार्थंप्रतिगृह्यतां ॥३॥ श्रीसत्यनारा०पाद्यंस०॥ॐत्रि
पादूर्ध्वं० ॐकांसोस्मितां० ॥नमस्तेदेवदेवेशनमस्तेधरणीधर ॥नमस्तेकम
लाकांतगृहाणार्घ्यंनमोस्तुते ॥४॥ श्रीसत्य० ॥ॐतस्माद्विराळ०ओंचंद्रांप्रभा
सां० ॥ कर्पुरवासितंतोयंमंदाकिन्याःसमाहृतं ॥आचम्यतांजगन्नाथमयादत्तं
हिभक्तितः॥५॥श्रीसत्य०आचमनीयं०।ओंयत्पुरुषेण०ओंआदित्यवर्णे०गंगा
चयमुनाचैवनर्मदाचसरस्वती॥तापीपयोष्णीरेवाचताभ्यःस्नानार्थमाहृतं।६।
श्रीस०मलापकर्षस्नानंस०ओंआप्यायस्व०श्रीस०पयस्नानं०ओंदधिक्राव्णो
श्रीस०दधिस्नानंस०ओंघृतंमिमिक्षे०श्रीस०घृतस्ना०॥ओंमधुवाता०श्रीस०
मधुस्नानं० ॥ ओंस्वादुःपवस्व० श्रीसत्य० शर्करास्नानं० ओंगंधद्वारां०
श्रीस० गंधोदकस्नानं० दधिक्षीरंघृतंचैवमधुखंडाविमिश्रितं ॥ तृप्त्यर्थंतव
देवेशमधुपर्कंददाम्यहं ॥ ७ ॥ श्रीस० मधुपर्कं० ॥ ओंकनिक्रदज्जनुषंप्र
ब्र०॥ अन्यंगार्थं महीपालतैलंपुष्पादिसंभवम् ॥ सुगंधंद्रव्यसंमिश्रंसंगृहा

णसुरेश्वर ॥ ८ ॥ श्रीस० अभ्यंगस्नानं० ॥ अंगोद्वर्तनकंदेवकस्तुर्यादि
विमिश्रितं ॥ लापनार्थंगृहाणेदंहरिद्राकुंकुमैर्युत ॥९॥ श्रीस० अंगोद्वर्तनं॥
नानातीर्थदाहृतंचतोयमुष्णंमयाकृतम् ॥ स्नानार्थंचप्रयच्छामिस्वीकुरुष्व
दयानिधे ॥ १० ॥ श्रीस० उष्णोदकस्नानं० ॥ ॐआपोहिष्ठाम० ॥
श्रीसत्य० शुद्धोदकस्नानं० ॥ नाममंत्रेणदशोपचारैःपूजयेत् ॥ ततोमहा
भिषेकंकुर्यात् ॥ स्वर्णधर्मानुवाके ॥ पुरुषसूक्तेनअतोदेवाइतिषड्भिर्
विष्णुसूक्तैःश्रीसुक्तेनचाभिषिंचेत् ॥ ॐनमोनारायणायेतिद्वादशवारंतर्प
येत् ॥ ओं गृहावैप्रतिष्ठासूक्तं० ॥ श्रीसत्यनारायणायसांगायसपरिवारा-
यसायुधायसशक्तिकायनमः॥ सुप्रतिष्ठितमस्तु॥ओं तंयज्ञं० ओं उपैतुमां॥
तप्तकांचनवर्णाभंपट्टोर्णंमृदुलंशुभम् ॥ युग्मवस्त्रंगृहाणेदंपरिधानायमाधव॥
११ ॥ श्रीस०वस्त्रंयुग्मं०॥ देव्यै०वस्त्रंकुंचुकीं ० ॥ ओं तस्माद्यज्ञात्सर्वहुतः
संभृतं०ऊक्षुत्पिपासा० ॥० ब्रह्मविष्णुमहेशैश्चनिर्मितंब्रह्मसुत्रकम् ॥ यज्ञो
पवीतंतद्दानात्प्रीयतांकमलापतिः॥ १२ ॥ श्रीस० यज्ञोपवी० ॥ आचम
नीयं ॥ ॐतस्माद्यज्ञात्सर्वहुतऋच० ओंगंधद्वारां०॥ गोरोचनंचंदनदेवदा

रुकपूरकृष्णागरुनागराणि ॥ कस्तूरिकाकेशरमिश्रीतानियथोचितंसत्यम
यार्पितानि ॥ १३ ॥ श्रीस०गंधं ॥ हरिद्रारंजिता०इत्यादिमंत्रैर्हरिद्रादिव
क्ष्यमाणसौभाग्यद्रव्याणितत्तन्मंत्रैर्लक्ष्म्यादिभ्यःसमर्पयेत् ॥ हरिद्रां० ॥
कुंकुमंकामुकं० ॥ कुंकुमं ॥ कज्जलं०कंठसूत्रं० हस्तभुषणं० केशभुषणं०
सीमंतभूषणं० ताडपत्रं श्रींश्राहिहरिवल्लाभैः० ॥ श्रीस० नानापरिमलद्र
व्याणिश्वेततंडुलसंयुक्तान्कुकुमेनविराजितान् ॥ अक्षतांस्त्वंगृहाणेशना
रायणनमोस्तुते ॥ १४ ॥ श्रीस० अक्षतान् ॥ श्रींतस्माद्द्वा० श्रींमनसः
काम० ॥ माल्यादीनि० ॥ १५ ॥ जातीपुष्पंचकल्हारंकमलंकरवीरकं ॥
केतकंबकुलंचैवनारायणद्दाम्यहम् ॥ १६ ॥ श्रीस० पुष्पाणि ॥ तुल-
सीकुंदमंदारपारिजातांबुजैस्तुया ॥ पंचभिर्ग्रथितामालावैजयंतीतिकथ्यते.
१७ ॥ श्रीस०वैजयंतीमालां० कटिसुत्रांगुलीयेचकुंडलेमुकुटंतथा ॥ वन
मालांकौस्तुभंचगृहाणपरुषोत्तम ॥ १८ ॥ श्रीस० नानालंकारान् ॥ विष्णु
सहस्त्रनामभिःसहस्त्रतुलस्यर्पणम् ॥ अथांगपूजा ॥ सत्यपरब्रह्मणे
नमः ॥ पादौपूजयामि ॥ संकर्षणाय० गुल्फौपू० ॥ कालात्मने०जानुनीपू०

विश्वरूपाय० जंघेपू० ॥ विष्ठवाय० कटिंपू० ॥ पद्मनाभाय० नाभिंपू० ॥ परमात्मने० हृदयंपू० ॥ वैकुंठाय० कंठंपू० सर्वास्त्रधारिणे० बाहूपू० वाचस्पतये०मुखंपू॥ हरये० जिव्हांपू० ॥ दामोदराय० दंतान्पू॥ सहस्त्राक्षाय० नेत्रेपू० ॥ केशवाय० ललाटंपू० ॥ सर्वात्मनेन० शिरः पू०॥ श्रीलक्ष्मी सहितसत्यनारायणायनमः सर्वांगं पूजयामि ॥ अथावरणपूजा ॥ तुलसीकुंकुमाक्षतपुष्पाण्यर्पयेत् ॥ बिंदुमध्येश्रीसत्यनारायणायनमः ॥ दक्षिणेमहालक्ष्म्यैन०वामेसंकर्षणाय०पूरतःगरुडाय०वामपार्श्वेअक्रूराय० दक्षिणपार्श्वेउद्धवाय० दयाब्धेत्राहिसंसारसर्पान्मांशरणागतं ॥ भक्तया समर्पयेतुभ्यंप्रथमावरणार्चनं ॥ १ ॥ अनेनप्रथमावरणपूजनेनभगवान्श्रीसत्यनारायणःप्रीयतां ॥ त्रिकोणेषुपूर्वादिक्रमेण ॥ लक्ष्मीहृषीकेशाभ्यां० गौरीरुद्राभ्या० सरस्वतीकमलासनाभ्यां० तद्बाह्यदलेसुवर्णायन० वृषभाय० हंसाय० दयाब्धेत्रा० द्वितीयावरणपू ॥ २ ॥ षट्कोणेषुपूर्वादिक्रमेण ॥ मत्स्याय० कूर्माय० वराहाय० नारसिंहाय० वामनाय० परशुरामाय० ॥ तद्बाह्ये ॥ रामाय० कृष्णायन० बौद्धाय० कल्किने० व्यासाय० पृथिव्यै

दयाऽधेत्रा० तृतीयावरणपू० ॥ ३ ॥ ततवाह्यवृत्तेषुपूर्वादिक्रमेण ॥ मित्रा-
य० सोमाय० अंगारका० बुधाय० बृहस्पतये० शुक्राय० शनैश्चराय०
राहवेन० केतवेन० ॥ अष्टदलेषुपूर्वादिक्रमेण ॥ इंद्राय० अग्नये० यमाय
निर्ऋतये० वरुणाय० वायवेन० ॥ सोमाय० ईशानाय० ॥ तद्वात्द्यदलेषुव
ज्राय० शक्तये० दंडाय० खड्गाय० पाशाय० अंकुशाय० गदायै० त्रिशूला-
य० दयाऽधेत्राहि० अनेनचतुर्थी० ॥ ४ ॥ वृत्तेकेशवादिचतुर्विंशतिना
मानि:पूर्वादिक्रमेण ॥ चतुर्दलेपुर्वेसुदर्शनाय० दक्षिणेपाशुपताय० पश्चिमे
शाङ्गाय० उत्तरेगदायै० ध्रुवाय० नारदाय० सप्तर्षिभ्यो० गंगादिनदीभ्यो
सप्तसागरेभ्यो०नागिन्यादिसहस्रफणांकितनागायनम:गंधर्वाद्यप्सरोभ्यो.
दयाऽधेत्रा० पंचमावरणार्चनं ॥ अनेनपंचमावरणार्चनेनभगवान्श्रीसत्य
नारायण:प्रीयतां ॥ ५ ॥ ॐयत्पूरुषं० ॐकर्दमेन० वनस्पति ० श्रीसत्य०
धूपंसम० ॥ ॐब्राह्मणोस्य० ॐआप:स्रजंतु ०॥ आज्यंचवर्त्ति० श्रीस०
दीपं० ॥ ॐचंद्रमामन० ॐआर्द्रांपु०रंभाफलंघृतंक्षीरंगोधूमस्यचचुर्णकं ॥
शर्करायुक्तनैवेद्यंसपादंभक्ष्यमुत्तमं ॥ २१ ॥ श्रीस० नैवेद्यं०॥ मध्येपानीयं०

उत्तरापोशनं० हस्तप्रक्षा० मुखप्रक्षालनं० करोद्वर्तनार्थेचंदनं० मुखवासा
र्थेपूगीफलमितितांबू० हिरण्यगर्भेतिमाहादक्षिणांस०॥ कूष्मांडंमातुलिंगं
चकर्कटीदाडिमीफलं ॥ रंभाफलंनारिकेलंजंबीरंबदरंतथा ॥ २२ ॥ श्री
सत्यनाराय०फलाष्टकं० ॥ ॐ नाभ्याआ०ॐ आर्द्रायःक०यानिकानिच०॥
२३॥ श्रीस०प्रदक्षिणांस०॥ ॐ सप्तास्यासन्० ॐ तांमआवह० नमःसर्व
हितार्थायजगदाधारहेतवे ॥ साष्टांगोयंप्रणामस्तेप्रयत्नेनमयाकृतः ॥२४॥
श्रीस० नमस्कारं०॥ नीराजनंगृहाणेदंघृतदीपविराजितं ॥ स्वप्रकाशप्र
काशात्मन्प्रकाशितदिगंतर ॥ २५ ॥ श्रियेजातःश्रियआ ० श्रीस० नीरां
जनदीपं० ॥ कर्पुरकंमहाराजरंभोद्भूतंचदीपकं ॥ मंगलार्थंमहीपालसंगृ
हाणजगत्पते ॥ २६ ॥ श्रीस० कर्पूरदीपं० ॥ गृहाणपरमेशानसरत्नेछत्र
चामरे ॥ दर्पणंव्यजनंचैवराजभोगाययत्नतः ॥ २७ ॥ श्रीस० राजोप
चारान् ॥ॐयज्ञेनयज्ञ० ओंयःशुचिःप्रयतोभूत्वा ०॥ विद्याबुद्धिधनैश्वर्य
पुत्रपौत्रादिसंपदः ॥ पुष्पांजलिप्रदानेनदेहिमेईप्सितंवरं ॥ २८ ॥ नमो
स्त्व० श्रीस० मंत्रपुष्पं० ॥ आवाहनंनजानामिनजानामिविसर्जनं ॥

पूजांचैवनजानामिक्षम्यतांपरमेश्वर ॥ ७९ ॥ श्रीसत्य० प्रार्थनां० ॥ यस्य स्मृत्या० ॥ अनेनकृतपूजनेनश्रीलक्ष्मीसहितसत्यनारायणःसांगःसपरिवारःप्रीयतां ॥ अथकथाश्रवणंकार्यं ॥ कथाश्रवणानंतरंव्यासपूजनंपुस्तकपूजनंब्राह्मणसुवासिनीपूजनंचकृत्वादेवंदशोपचारैःसंपूजयेत् ॥ तन्मध्येमहानैवेद्योत्तरंमंगलार्तिक्यंकृत्वामंत्रपुष्पांतेप्रार्थयेत् ॥ अथप्रार्थनादशकं ॥ कनकरुचिदुकूलःकुंडलोल्लासिगल्लःशमितभुवनभारः कोपिलीलावतारः त्रिभुवनसुखकारीशेषशायीमुकुंदःपरिकलितरमांगोमंगलंनस्तनोतु ॥

॥ नारायणस्त्वमेवासिसर्वेषांचहृदिस्थितः॥प्रेरकःप्रेर्यमाणानांत्वयाप्रेरितमानसः॥१॥ त्वदाज्ञांशिरसाधृत्वाभजामिजनपावनं ॥ नानोपासनमार्गाणांभावकृद्भावबोधकः॥२॥ भावार्थकृद्भावभूतोभवसौख्यप्रदोभव ॥ त्वन्मायामोहितंविश्वंत्वयैवपरिकल्पितं॥३॥ त्वदधिष्टानमात्रेणसैवसर्वार्थकारिणी ॥ त्वामेवतांपुरस्कृत्यभजामिधनकाम्यया ॥४॥ नमेत्वदन्यस्त्रातास्तित्वदन्यन्नहिदैवतं ॥ त्वदन्यंनहिजानामिपालकंपुण्यरूपकं ॥५॥ यावत्सांसारिकोभावस्त्वमेवभावनात्मकः ॥ नावत्सिद्धिर्भवेत्साध्यासर्वदासर्वथाविभो ॥६॥ पापिना

महमेकोग्रयोदयालूनांत्वमग्रणीः॥दयनीयोमदन्योस्ति तवकोत्रजगत्त्रये॥७॥
त्वयाचाहंनसृष्टश्चेत्तवमास्तुदयालुना ॥ आमयोवानसृष्टश्चेदौषधस्यवृथोद
यः॥८॥ पापसंघपरिक्रांतःपापात्मापापरूपधृक् ॥ त्वदन्यःकोत्रपापेभ्यस्त्रा
तास्तेजगतीतले ॥९॥ त्वमेवमाताचपितात्वमेवत्वमेवबंधुश्चसखात्वमेव ॥ त्व
मेवविद्याद्रविणंत्वमेवत्वमेवसर्वंममदेवदेव ॥१०॥ प्रार्थनादशकंचैवमूलाष्टक
मथापिवा ॥ यःपठेच्छृणुयान्नित्यंतस्यलक्ष्मीःस्थिराभवेत् ॥११॥ आवाहनं
नजानामि ०॥१२॥ अन्यथाशरणंना ०॥१३॥गतंपापंगतंदुःखं० ॥१४॥मंत्र
हीनंक्रियाहीनंद्रव्यहीनंसुरेश्वर ॥ यत्पूजितंमयादेवपरिपूर्णंतदस्तुमे ॥१५॥
विष्वक्सेनादीन्पूजयेत् ॥ अनेनअत्रगंधपुष्पधूपदीपनैवेद्य०,लतांबूलदक्षि
णाप्रदक्षिणानमस्कारपरिवारदेवतापूजनकथाश्रवणाख्येनकर्मणाश्रीलक्ष्मी
सहितश्रीसत्यनारायणदेवताप्रीयतां ॥ तत्सत्ब्रह्मार्पणमस्तु ॥ ब्राह्मणेभ्यो
महाप्रसादतांबुलदक्षिणांदत्वा ॥ तेभ्यःआशिषोगृहीत्वा ॥ अद्यपूर्वोच्च० ॥
श्रीसत्यनारायणव्रतकर्मणः सांगतासिद्ध्यर्थंब्राह्मणसुवासिनीसमाराधनंकरि
ष्ये ॥ नारायणगायत्रीं अष्टवारंजपेत्॥नारायणायविद्महेवासुदेवायधीमहि॥

तन्नोविष्णुःप्रचोदयात् ॥ तीर्थप्रसादंगृण्हीयात् ॥ मंत्रः ॥ पादोदकंसत्यदेव
न्नरोयःपिबतेतव ॥ तस्यांतर्गतजंपापंनश्यतेनात्रसंशयः॥१॥नारायणप्रसादं
तुगृहीत्वाभक्तिभावतः ॥ सर्वान्कामानवाप्नोतिप्रेत्यसायुज्यमाप्नुयात् ॥ २ ॥
प्रसादंभक्षयेत् ॥ बांधवैःसहसुहृद्युक्तोभुंजीतरात्रौजागरणंकुर्यात् ॥ देवस
न्निधौवेदघोषंहरिकीर्तनंवाकुर्यात् ॥ नानानृत्यवाद्यादियुक्तभजनंकृत्वा ॥
प्रातर्ब्राह्ममुहूर्तेचोत्थायनित्यकर्मानंतरमुत्तरपूजांकृत्वा ॥ ओंसहस्रशीर्षेदेवं
इतिवैदिकमंत्रंपठेत् ॥ नारायणगायत्रींदशवारंजपेत् ॥शंखचक्रगदापद्मश्री
वत्सवेणुकौस्तुभवनमालादिमुद्राः प्रदर्श्यउपसंहारमुद्रयापुष्पप्रसादंगृण्ही
यात् ॥ यथेप्सितंप्रार्थयेत् ॥ ततःउत्तिष्ठब्रह्मण० ॥ यांतुदेवगणाःसर्वे० ॥
शालग्रामशिलांस्वस्थानेस्थापयेत् ॥ आचार्यंयथाशक्त्यावस्त्राभरणादिना
पूजयेत् ॥ आचार्यायपूजापीठंसदक्षिणंगांचदद्यात् ॥ विष्णुस्मरेत् ॥ इति
सत्यनारायणव्रतविधिःसमाप्तः॥ श्रीकृष्णार्पण० ॥

श्रीसत्य नारायणायनमः

अथ सत्य नारायण पूजा विधिः

સત્ય નારાયણ પૂજાવ્રત ધારણ કરવા વાળા પુરૂષોએ સત્ય નારાયણની પૂજા, કથા, ઓચ્છવ, બ્રાહ્મણ ભોજન, વિગેરે કયે દિવસે કરવું. તેનો નિયમ—સંક્રાંત, પૂર્ણમાશિ, એકાદશિ, રવિવાર, કે વ્યતિપાતને દિવસે, અથવા કોઈ પણ શુભ દિવસે, સાયંકાળે, સ્નાન કરીને સત્ય નારાયણની પુજાના સ્થાનમાં આવી આસન ઉપર બેસીને પવિત્રી ધારણ કરીને આચમન કરવું. ને સત્ય નારાયણની પૂજાને અંગે ગણેશ, ગૌરી, વરૂણ, અને નવગ્રહ વિગેરે સર્વ દેવતાની આવાહન તથા પ્રતિષ્ઠા કરીને સંકલ્પ કરવો. (અદ્યેત્યાદિ) કરીને સત્ય નારાયણ પૂજાને અંગે ગૌરી, ગણેશ, વિગેરે સર્વ દેવતાને પાદ્યાદિ વિગેરે ષોડશોપચાર તેતે દેવતાના મંત્રે કરીને કરવા.

ત્યાર પછી સત્ય નારાયણની પુજાનો પ્રકાર કહેછે. હાથમાં પૂષ્પ ધારણ કરીને સત્ય નારાયણના રૂપના વર્ણનનું ધ્યાન ધરવું.

શ્લોક. ध्यायेत्सत्यंगुणातीतंगुणत्रयसमन्वितं, लोकनाथंत्रिलोकेशंकौस्तुभाभरणंहारिम्. ॥१॥

ટીકા—સત્ય નારાયણની કથા કરવા વાળો પુરૂષ કથા બેસાડવા વાળા પુરૂષને તેમજ સર્વ સાંભળનાર જનોને કહેછે કે સત્ય સ્વરૂપ સત્ય નારાયણના રૂપનું ધ્યાન કરો. કેવું છે તે સત્ય નારાયણનું રૂપ. માયાંના ગુણથી રહિત, માયાના ત્રણે ગુણને પ્રકાશ કરવા વાળું, સર્વ લોકપાળના નાથ ત્રીલોકીના ઈશ્વર, કૌસ્તુભ મણી ગળાને વિશે આભુષણ છે. જેને, એવા સત્ય નારાયણના રૂપનું ધ્યાન ધરો.

શ્લોક. निलवर्णपीतवासं श्रीवत्सपदभूषीतम् गोविंदंगोकुलानंदं ब्रह्माद्यैरपिपूजितम् ॥ २ ॥

વળી કેવું છે તે સ્વરૂપ, નીલવર્ણ એટલે ઘનશ્યામ સ્વરૂપ, અને પીતાંબર ધારણ કરેલાં છે. શ્રી વત્સ ચિન્હવક્ષસ્થળમાં શોભાયમાન છે અને ગોવિંદ જેનું નામછે. ગોકુળને આનંદ આપવા વાળા અને વળી બ્રહ્માદિ દેવતા જેના ચરણની ઉપાસના કરી રહ્યા છે, એવા સત્ય નારાયણ દેવનું ધ્યાન ધરો.

શ્લોક. सत्यनारायणंदेवं वंदेहंकामदंप्रभुम् लीलयाविततंविश्वं येनतस्मैनमोनमः ॥ ३ ॥

શ્રી સત્ય નારાયણ દેવને નમસ્કાર કરૂ છઉં. કેવા છે તે સત્ય દેવ, સર્વને શોભિત કરવા વાળા સર્વના મનોરથ

પૂર્ણ કરવા વાળા. સર્વને સર્વ વરદાન આપવામાં સમર્થ. ને પોતાની માયાએ કરીને જગત ઉત્પન્ન કરીને અંતરયામી રૂપે સર્વને પ્રકાશ કરી રહ્યા. હેવા સત્યદેવને નમસ્કાર કરૂં છઉં.

अथकथा. ऋषयऊचुःएकदानैमिषारण्येऋषयःशौनकादयः॥ पप्रच्छुर्मुनयःसर्वेसूतंपौराणिकं खलु. ॥१॥ व्रतेनतपसाकिंवाप्राप्यतेवांछितंफलं ॥ तत्सर्वंश्रोतुमिच्छामःकथयस्वमहामुने ॥२॥

ટીકા—કોઈ કાળને વિષે અજોધ્યાની સમીપ નિમીશા અરણ્યમાં શૌનક વિગેરે સર્વે રૂષી મંડળ મળીને બેઠા હતા. તે વખતે ત્યાં સુત પુરાણી આવી પહોંચ્યા, તે વખતે સર્વ રૂષી લોકોએ વિચાર કર્યા કે માહાત્મા સુત પુરાણી ને ભગવત કથા વારતા સબંધી પ્રશ્ન કરો તે વખતે સર્વ રૂષી મંડળમાં મુખ્ય શૌનકરૂષી, તેણે સુત પુરાણીને પ્રશ્ન કર્યો કે હે સુત ! આ લોકમાં કોણ એવા તપ કરીને ! કોણુ એવા વ્રત કરીને ! કોણુ એવા જપ કરીને ! કોણુ એવી કૃતિએ કરીને ! વાંછિતફળ થોડા સાધને કરીને મળે. તે સર્વ હમો સાંભળવાની ઇચ્છા કરીયેછીયે. તે ઉત્તમકથા હમોને કહો.

सूतउवाच--नारदेनैवसंपृष्टोभगवान्कमलापतिः॥ सुरर्षयेयथैवाहतच्छृणुध्वंसमाहिताः ॥ ३ ॥ एकदानारदोयोगीपरानुग्रहकांक्षया ॥ पर्यटन्विविधान्लोकान्मर्त्यलोकमुपागतः ॥ ४॥ ततोदृष्ट्वा जनान्सर्वान्नानाक्लेशसमन्वितान् ॥ नानायोनिसमुत्पन्नान्क्लिश्यमानान्स्वकर्मभिः॥५॥ केनोपायेन चैतेषांदुःखनाशोभवेद्ध्रुवम् ॥ इतिसंचिंत्यमनसाविष्णुलोकंगतस्तदा ॥ ६ ॥ तत्रनारायणंदेवं शुक्लवर्णंचतुर्भुजं ॥ शंखचक्रगदापद्मवनमालाविभूषितम्॥ ७॥ तंदृष्ट्वासदेवदेवेशंस्तोतुंसमुपचक्रमे॥

ટીકા—સુત કહેછે હે શૌનક રૂષીઓ. તમારા પ્રશ્નના ઉત્તર કહું તે સાંભળો. કોઈ કાળને વિષે લક્ષ્મિપતિ વૈકુંઠવાસી નારાયણના પ્રતિ, નારદજીએ પ્રશ્ન કર્યો હતો તે પ્રશ્નના ઉત્તરમાં તમારા પ્રશ્નનો ઉત્તર થશે. તે તમો સાવધાન થઈને સાંભળો. કોઈ એક વખતમાં યોગેશ્વરમાં શ્રેષ્ઠ એવા નારદજી તે સર્વે લોકોના કલ્યાણની ઈચ્છા રાખીને સ્વર્ગ આદિ લઈ વિવિધ પ્રકારના લોકોમાં ફરતાં ફરતાં મનુષ્ય લોકમાં આવ્યા. મનુષ્ય લોક જોતામાં સર્વે જનોને ક્લેશયુક્ત જોયા. નાના પ્રકારની જાતીના નાના યોનીને વિશે પોતાના કર્મે કરીને ક્લેશીત જોવામાં આવ્યા. હવે નારદજીએ પોતાના મનમાં ચીંતન કર્યું કે એવો કોણુ સેહેલો ઉપાય હોય કે તેણે કરીને એ સઘળા લોકોના દુઃખનો નાશ થાય.

એ પ્રકારે ચીંતવન કરતા કરતા વિષ્ણુ લોક ગયા. તાહાં વિષ્ણુ લોકમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, વનમાળા, વિગેરે શોભીત શોભાયમાન, શુક્લવર્ણ, ચતુર્ભુજ સર્વોત્તમ દેવ નારાયણ સ્વરૂપ જોયું. ને તે સ્વરૂપ શાક્ષાત દેવેશ્વર સ્વરૂપ જોઈને સ્તોત્ર એટલે સ્તુતી વંદના કરવાને સારૂં આરંભ કર્યો.

॥श्रीनारदउवाच--नमोवाङ्मनमातीतरूपायानंतशक्तये,॥८॥ आदिमध्यांतहीनायनिर्गुणायत्मने॥
सर्वेषामादिभुतायभक्तानामार्त्तिनाशिने॥९॥ श्रुत्वास्तोत्रंनतोविष्णुर्नारदंप्रत्यभाषत ॥

ટીકા—શ્રી નારદજી કહે,હે નારાયણ હું તમોને નમસ્કાર કરૂં છઉં કેવાછો તમો કે, જેનો આદી. મધ્ય, અંત, છેજ નહી. ને માયાના ગુણુથી રહીત છો. વળી કેવા છોકે માયાના ગુણુને ચલાવવા વાળા. વળી કેવા છો તમોકે સર્વેથી આદિછો. ને ભક્ત જનોના દેહીક, માનશીક, તાપ, ભયને દુર કરવા વાળા. હેવા તમો નારાયણ સ્વરૂપને હું નમસ્કાર કરૂં છઉં. એવી નારદજીની સ્તુતી સાંભળીને નારદના પ્રતિ વિષ્ણુ ભગવાન પ્રસન્ન થઇને કેહેછે.

श्रीभगवानउवाच.किमर्थमागतोसित्वंकिंतेमनसिवर्तते॥१०॥कथयस्वमहाभागतत्सर्वंकथयामिते॥

ટીકા—શ્રી વૈકુંઠવાશી ભગવાન કેહે કે હે નારદ. તમો શાનેવાસ્તે આવ્યાછો. શુ તમારા મનમાં વિચાર છે. હે માહા ભાગવત. હે ભક્તજન શિરોમણી હે નારદ તે વૃતાંત મારી આગળ કહો. તે તમારા પ્રશ્નનો ઉત્તર હું પ્રસન્ન થઇને કહીશ.

श्रीनारदउवाच. मर्त्यलोकेजनाःसर्वेनानाक्लेशसमन्विता ॥११॥ नानायोनिसमुत्पन्नाःपच्यंते
पापकर्मभिः॥ तत्कथंशमयेन्नाथलघुपायेननद्वद॥१२॥ श्रोतुमिच्छामितत्सर्वंकृपास्तियदितेमयि ॥

ટીકા—નારદજી કહેછે હે માહારાજ મૃત્યુ લોકને વિશે સર્વ જનો નાના પ્રકારના ક્લેશે કરીને દુખી જોયા.વિવિધ પ્રકારની યોનીને વિષે ઉત્પન થએલા પોતાનાં શુભાશુભ કર્મે કરીને માયાના ગુણુમાં રચીપચી રહેલા જોયા. અને તે લોકોના દુઃખરૂપી કર્મનો નાશ થોડા વખતમાં સેહેજસાજ સાધને કરીને દુર થાય. હેવો સેહેલો ઉપાય કહો. વાસ્તે હે નાથ તે સેહેલો ઉપાય સાંભળવાની હું ઇચ્છા કરૂં છઉં તે પ્રસંગ હમો અધાવાનને કહો.

श्रीभगवानउवाच. साधुपृष्टंत्वयावत्स. लोकानुग्रहकांक्षया ॥ १३ ॥ यत्कृत्वामुच्यतेमोहात्त

च्छृणु वदामि ते ॥ व्रतमस्ति महत्पुण्यं स्वर्गे मर्त्ये च दुर्लभं ॥२४॥ तव स्नेहान्मया वत्स प्रकाशः क्रि
यतेऽधुना. सत्यनारायणस्यैवं व्रतं सम्यग्विधानतः ॥ २५ ॥ कृत्वा सद्यः सुखं भुक्त्वा परत्र मोक्षमाप्नु
यात् ॥ तच्छ्रुत्वा भगवद्वाक्यं नारदो मुनिरब्रवीत् ॥२६॥

ટીકા —ભગવાન કહેછે. હેનારદ. હે પુત્ર, તમારો પ્રશ્ન ત્રિલોકના હિતને માટેને ઘણો સારોછે. જે પ્રશ્ન કરાને માયાના બંધનમાંથી જીવ છુટી જાય. તે પ્રશ્નનો ઉત્તર હું કહું તે તમો સાવધાન થઇને સાંભળો. કે જે વ્રત મૃત્યુ લોકને વીષે તેમજ દેવ લોકને વિષે પણ દુર્લભ છે. તે તમારા સ્નેહે કરીને કહું છઉં. અને એ વ્રત હું હમણાંજ પ્રકાશ કરૂંછઉં. કે તે વ્રત સત્યનારાયણનું હતું છે ને તે સારી રીતે વિધી પુર્વક જાણવું જોઇએ.

ને વ્રત કરવાથી તત્કાળ આ લોકને વિષે સુખ, સંપત, ભોગ. વૈભવ. ભોગવીને અંતમાં સુખ પુર્વક જનમ મરણના પ્રવાહમાંથી છુટીને ભગવતના લોકની પ્રાપ્તિ થાય. એ વાત શ્રી વિષ્ણુના મુખારવિંદની સાંભળીને ફરીથી નારદજી. ભગવાનના પ્રતિ પ્રશ્ન કરેછે.

श्रीनारद उवाच. किं फलं किं विधानं च कृतं केनैव तद्व्रतम् ॥ तत्सर्वं विस्तराद्ब्रूहि कदा कार्यं हि तद्व्रतं ॥२७

ટીકા—નારદજી કહેછે કે હે કરૂણાનાથ. તે વ્રતનું શું ફળછે. અને શું તેનું વિધાન છે. અને કોણે તે વ્રત કર્યું હતું તે સઘળું વિસ્તાર પુર્વક હમોને કહો. ને વ્રત કયા માસમાં, કયા પક્ષમાં કોણ તિથિમાં. કોણ નક્ષત્ર વિગેરેનો શુભ દિવસ કર્યો છે. કે તે દિવસે કરવું તે સઘળું હમોને કહો.

श्रीभगवानुवाच. दुःखशोकादिशमनं. धनधान्यप्रवर्धनं ॥ सौभाग्यसंततिकरं सर्वत्र विजयप्रद
म् ॥२८॥ यस्मिन्कस्मिन्दिने मर्त्यो. भक्तिश्रद्धासमन्वितः ॥ सत्यनारायणं देवं यजेच्चैव निशामु
खे ॥२९॥ ब्राह्मणैर्बान्धवैश्चैव सहितो धर्मतत्परः ॥ नैवेद्यं भक्तितो दद्यात्सपादं भक्ष्यमुत्तमम् ॥२०॥
रंभाफलं घृतं क्षीरं गोधूमस्य च चूर्णकम् ॥ अभावे शालिचूर्णं वा शर्करा च गुडस्तथा ॥ २१ ॥ सपा
दं सर्वभक्ष्याणि चैकीकृत्य निवेदयेत् ॥ विप्राय दक्षिणां दद्यात्कथां श्रुत्वा जनैः सह ॥ २२ ॥ ततश्च

बंधुभिःसार्धंविप्रांश्चप्रतिभोजयेत् ॥ सपादंभक्षयेद्भक्त्यानृत्यगीतादिकंचरेत् ॥ २३ ॥ ततश्चस्वगृहंगच्छेत्सत्यनारायणंस्मरन् ॥ एवंकृतेमनुष्याणांवांछासिद्धिर्भवेद्ध्रुवम् ॥२४॥ विशेषतःकलियुगेलघुपायोस्तिभूतले ॥२५॥

ટીકા—શ્રી ભગવાન કહેછે કે હે નારદ, એ વ્રત દુઃખ શોકને દુર કરવાવાળુ, ધનધાન્યને વધારવાળુ, સૌભાગ્ય સંતતીને પ્રાપ્તિ કરવાવાળુ, સર્વત્ર વિજયને આપવાવાળુ. ૨૮ એ વ્રત ધારણ કરવાવાળા પુરૂષે કોઈ પણ શુભ દિવસ જોઈને રાત્રીના પ્રથમ ભાગમાં એટલે શાયંકાળની વખતથી સત્યનારાયણ દેવના વ્રતનો આરંભ કરવો. ૨૯ એ વ્રતને અંગે બ્રાહ્મણ લોકોને બોલાવવા. પોતાની જાતિવાળા સગા વિગેરે મીત્ર ઇષ્ટ વર્ગ વિગેરે સર્વને આદર સત્કાર પુર્વક બોલાવવા. ને નારાયણના નૈવેદની સામગ્રી સવાઈ રાખવી. ૨૦ ને નૈવેદની સામગ્રીમાં કેળાં, ઘીઈ, દુધ, ઘઉંનો લોટ, ઘઉંનો લોટ નમળે તો ચોખાનો લોટ, તેમજ ખાંડ અથવા ગોળ. ૨૧ એ સઘળુ નૈવેદનું સવાયું રાખવું. એ સઘળુ એક ઠેકાણુ રાખવું. ને સત્યદેવનું પૂજન અરચન નૈવેદ ધરાવીને કથા કરવી. કથા સાંભળ્યા પછી સઘળા શ્રોતાજન સહિત બ્રાહ્મણને યથાશક્તિ દક્ષણા આપવી. ૨૨ ત્યારપછી બ્રાહ્મણ ભોજન થયા પછી સહોદર ઇષ્ટમીત્ર વગેરે સર્વને ભોજન કરાવવાં. ત્યાર પછી વ્રત ધારણ કરવા વાળા પુરૂષે પણ ભોજન કરવું. ત્યાર પછી સઘળા મળીને નૃત્ય ગીત વાજીંત્ર વિગેરે પ્રેમ શ્રધા સહિત સર્વ સમાજ લોકોએ સત્યનારાયણ દેવનું કીરતન કરવું ત્યારપછી સત્યદેવનું સ્મરણ કરતા કરતા સર્વ જનોએ પાતપોતાને ઘેર જવું આ પ્રકારે સત્યનારાયણ દેવનું વ્રત કરવાથી સર્વના મનના મનોરથ પુર્ણ થશે. વિશેષે કરીને કળીયુગમાં તો આ લોકને વિષે સેહલો સુખવાળો ઉપાય ઉભય લોકના સુખ આપવા વાળો એ વિના બીજો સિદ્ધિદાયક છેજનહી.

इतिश्रीस्कंदपुराणेरेवाखंडेसत्यनारायणकथाप्रसंगप्रथमोध्यायः॥१॥

श्रीभगवानुवाच. अथान्यत्संप्रवक्ष्यामिकृतंयेनपुराद्विज ॥ कश्चित्काशीपुरेरम्येआसिद्विप्रोतिनिर्धनः ॥ १ ॥ क्षुत्तृड्भ्यांव्याकुलोभुत्वानित्यंबभ्रामभूतले ॥ दुःखितंब्राह्मणंदृष्ट्वाभगवान्ब्राह्मणप्रियः ॥२॥ वृद्धब्राह्मणरूपस्तंपप्रच्छद्विजमादरात् ॥ किमर्थंभ्रमसेविप्रमहींनित्यंसुदुःखितः॥३॥

तत्सर्वंश्रोतुमिच्छामिकथ्यतांद्विजसत्तम.॥

ટીકા—શ્રી લક્ષ્મીપતિ ભગવાન કહેછે હે નારદ હું તમારા ઉપર ઘણો પ્રસન્ન છઉં. અને એ વ્રત કરવાવાળા પુરૂષના નામ ધામ પણ તમોને બતાવું. તેણુ કરીને તમોને નિશ્ચય થશે. કાશીપુરીને વિશે એક નીરધન બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણ ભુખે તરશે પીડાએલો આકુળવ્યાકુળ થઈ અતિ દુખી થઈને પૃથ્વી ઉપર ભ્રમીત જવોદુખતેતેજોઈને(ભગવાન શ્રી સત્યનારાયણ) વૃદ્ધ બ્રાહ્મણનુ રૂપ લઈને સામા આવ્યા. કેમકે ભગવાનને બ્રાહ્મણ ઘણા પ્રિયછે. વૃદ્ધ બ્રાહ્મણ રૂપ ભગવાન તે બ્રાહ્મણને અતિ આદરસત્કાર પુર્વક પુછેછેકે હે બ્રાહ્મણ તમો સદાકાળ શાનેવાસ્તે ભ્રમતા ફરોછો. મનેએમ માલમ પડેછે કે તમો અતિ દુઃખીછો વાસ્તે શું તમારૂં વૃતાંતછે તે સર્વ સાંભળવાની હું ઇચ્છા કરૂછઉં.

ब्राह्मणउवाच. ब्राह्मणोऽतिदरिद्रोहंभिक्षार्थंवैभ्रमेमहीम्॥ ४॥उपायंयदिजानासिकृपयाकथयप्रभो॥

ટીકા—હવે તે કાશીપુરવાશી બ્રાહ્મણ પેલા વૃદ્ધ બ્રાહ્મણને (ભગવાનને) કહે. કે હે માહારાજ હું બ્રાહ્મણછું.પરંતુ અતિ દરિદ્રી છઉં ને ભિક્ષાને અર્થે આમ તેમ પૃથ્વીને વિષે ભમુ છઉં. હે નાથ. મારૂ દરિદ્ર દુર કરવાનો ઉપાય જાણતા હોતો કૃપા કરીને મને કહો.

वृद्धब्राह्मणउवाच. सत्यनारायणोविष्णुर्वांछितार्थफलप्रदः ॥५॥ तस्यत्वंपूजनंविप्र. कुरुष्वव्रतमुत्तमम् ॥ यत्कृत्वासर्वदुःखेभ्योमुक्तोभवतिमानवः ॥६॥ विधानंचव्रतस्यापिविप्रायाभाष्ययत्नतः॥ सत्यनारायणोवृद्धस्तत्रैवांतरधीयत॥ ७॥

ટીકા—વૃદ્ધ બ્રાહ્મણ કહેછે, કે હે (બ્રાહ્મણ સત્યનારાયણ દેવછે) તે શાક્ષાત વિષ્ણુ કહેવાયછે. તે સર્વનેમનવાંછીત ફળ આપવા સમર્થછે. તે દેવનું વ્રત પુજન તમો કરો. તે વ્રત ઘણુ ઉત્તમ છે. ને તે વ્રત કરવાથી સર્વ દુઃખથી છુટી જશો. ને સુખીઆ થઈ જશો. વાસ્તે તમો તે વ્રત કરો. ને તે વ્રતનું વિધાન પણ કહીને સત્યનારાયણ દેવ વૃદ્ધ બ્રાહ્મણ રૂપ હતા) તે ત્યાં તેજ વખતે અંતર્ધાન થયા.

तद्व्रतंसंकरिष्यामियदुक्तंब्राह्मणेनवै ॥ इतिसंचिंत्यविप्रोसौरात्रौनिद्रांनलब्धवान्. ॥८॥

ટીકા—વૃદ્ધ બ્રાહ્મણ અંતર્ધાન થયા પછી કાશીપુરવાશી બ્રાહ્મણે વિચાર કર્યો કે તે ઘરડા બ્રાહ્મણે જે વ્રત મને કહ્યું તે વ્રત મારે જરૂર કરવું. એ પ્રકારે ચીંતા કરતાં કરતાં રાત્રિ સુતો તો પણ નીદ્રા પ્રાપ્તિ થઈ નહીં.

ततःप्रातःसमुत्थायसत्यनारायणव्रतंकरिष्य इतिसंकल्प्याभिक्षार्थमगमद्द्विजः ॥१९॥

ટીકા—રાત્રિ વિત્યા પછી સવારે ઉઠીને સ્નાન સંધ્યા નીત્ય નિયમ વગેરે આહનિક કર્મ કરીને સંકલ્પ કર્યો કે હું સત્ય નારાયણ દેવનું વ્રત કરીશ. એ પ્રકારે નિયમ ધારણ કરીને ભીક્ષાને અર્થે ગ્રામાંતરમાં ચાલ્યો ગયો.

तस्मिन्नेवदिनेविप्रःप्रचुरंद्रव्यमाप्तवान् ॥ तेनैवबंधुभिःसार्धमसत्यस्यव्रतमाचरत ॥२०॥

ટીકા—તે દિવસે એવો સંકલ્પ કરીને ભીક્ષાને અર્થે ગયો, તેજ દિવસે ઘણું દ્રવ્ય મળ્યું જે મળ્યું તેટલા દ્રવ્યે કરી પોતાના સગા વાહાલા સહીત, સત્યનારાયણ દેવનુ વ્રત આચરણ કર્યું.

सर्वदुःखविनिर्मुक्तःसर्वसंपत्समन्वितः॥ बभूवसद्विजश्रेष्ठोव्रतस्यास्यप्रभावतः ॥२१॥

ટીકા—સત્યનારાયણ દેવનું વ્રત આચરણ કર્યાથી તે બ્રાહ્મણનું સર્વ દુઃખ ગયું. ને સર્વ ધનધાન્ય સુખ સંપતિ મળી. ને તે સત્યદેવના વ્રતના પ્રભાવે કરીને તે બ્રાહ્મણ સર્વથી શ્રેષ્ઠ કહેવાયો.

ततःप्रभृतिकालेचमासिमासिव्रतंकृतं ॥ एवंनारायणस्येदंव्रतंकृत्वाद्विजोत्तमः ॥२२॥ सर्वपाप विनिर्मुक्तोदुर्लभंमोक्षमाप्तवान ॥ व्रतमस्ययदाविप्राः पृथिव्यांसंकरिष्यति॥२३॥ तदैवसर्वदुःखंच मनुजस्यविनस्यति एवंनारायणेनोक्तंनारदायमहात्मने ॥२४॥

ટીકા—તે વરશેથી એકેકે માસે માસે તે બ્રાહ્મણે સત્યદેવનું વ્રત આચરણ કર્યું. ને પોતાના જીવીત અવધી સુધી તે બ્રાહ્મણે નિયમ પાળ્યો. અંતકાળે ઉત્તમ ભગવત ગતીનું મોક્ષ પામ્યો. ને તે દીવસેથી આ લોકને વિષે સત્યદેવનું વ્રત લોકો પાળવા લાગ્યા. ને જે મનુષ્ય સત્યદેવનું વ્રત આચરણ કરશે. તે મનુષ્ય દુઃખથી નીવૃત થઈ સુખીઓ થશે. એ પ્રકારે નારદજીના પ્રતિ નારાયણે કહેલું છે.

मयातत्कथितंविप्राःकिमन्यत्कथयामिवः

ટીકા—સુતપુરાણી કહેછે હે બ્રાહ્મણો નારાયણ નારદનો સંવાદ મેં તમોને કહ્યો બીજુ શું સાંભળવાની ઇચ્છા છે તે કહો. તે પ્રસંગ હું કહીશ.

ऋषयऊचुःतस्माद्विप्राच्छ्रुतंकेनपृथिव्यांचरितंमुने॥तत्सर्वंश्रोतुमिच्छामःश्रद्धास्माकंप्रजायते२५

ટીકા—ઋષિ લોકો સુતના પ્રતિ કહે, હે સુત. તે કાશીપુરવાશી બ્રાહ્મણથી કોણ પુરૂષે વ્રત આચરણ કર્યું. તે સઘળું સાંભળવાની ઈચ્છા કરીયે છીયે. ને હેવા વ્રતના પ્રભાવે કરીને સત્યદેવની કથાને વિશે હમોને શ્રધા ઉત્પન થાય. વાસ્તે તે કથા સંભળાવો.

श्रीसूतउवाच. शृणुध्वंमुनयःसर्वेव्रतंयेनकृतंभुवि ॥ एकदासद्विजवरोयथाविभवविस्तरं ॥१६॥ बंधुभिःस्वजनैःसार्धंव्रतंकर्तुंसमुद्यतः ॥ एतस्मिन्नंतरेकालेकाष्ठक्रेतासमागमत ॥१७॥ बहिः काष्ठंचसंस्थाप्याविप्रस्यग्रहमाययौ ॥ तृष्णयापीडितात्माचदृष्ट्वाविप्रंकृतंव्रतम् ॥१८॥ प्रणिपत्य द्विजंप्राहकिमिदंक्रियतेत्वया ॥ कृतेकिंफलमाप्नोतिविस्तराद्वदमेप्रभो ॥१९॥

ટીકા—સુતપુરાણી કહે. હે મુનીઓ સર્વે તમો સાવધાન થઈને સાંભળો. કે આ લોકને વિશે સત્યદેવનું વ્રત કેવી રીતે આચર્યું. તે કહું કોઈ વખતે તે કાશીપુરવાશી બ્રાહ્મણ પોતાના સગા સંબંધી સહીત ઘણા દ્રવ્યની સામગ્રી મેળવી ને સત્યનારાયણના વ્રતનો મોટો ઓચ્છવ આરંભ્યો. તે સમેં એક કઠીઆરો (લાકડાં વેચવાવાળો) ત્યાં આવ્યો. તે કઠીઆરો લાકડાનો ભારો બાહાર મુકીને પોતે વ્રત કરવા વાળા બ્રાહ્મણના ઘરમાં આવ્યો. ને વ્રત કરવાવાળા બ્રાહ્મણને જોઈને તે કઠીઆરાને મનમાં કલ્પના ઉપજી કે શું કરૂ મારી પાસે પઈસા હોત તો હું પણ આ વ્રત કરત. એ પ્રકારે કલ્પના કરી. ને ત્યાં બેસીને વ્રતવાળા બ્રાહ્મણને નમસ્કાર કર્યા. ને પુછ્યું કે હે બ્રાહ્મણ તમે આ શું કરોછો. ને એ કર્યાથી શું ફળ પ્રાપ્તિ થાય. વાસ્તે હે કૃપાનાથ હે પ્રભુ. એ વ્રત આચરણ મને વિસ્તાર પુર્વક કહો.

विप्रउवाच. सत्यनारायणस्येदंव्रतंसर्वेप्सितप्रदम् ॥ तस्यप्रसादान्मेसर्वंधनधान्यादिकंमहत्॥२०॥

ટીકા—કાશીપુરવાશી બ્રાહ્મણ કહેછે હે કઠીઆરા આ વ્રત સત્યનારાયણ દેવનું છે એ વ્રત સંપુર્ણ મનવાંછીત ફળને આપવા વાળું છે ને તે સત્યનારાયણ દેવની પ્રસન્નતાએ કરીને હમારે ત્યાં પણ ધનધાન્ય સંપતી તે દેવનીઆપેલીછે.

तस्मादेतद्व्रतंज्ञात्वाकाष्ठक्रेताऽतिहर्षितः ॥ पपौजलंप्रसादंचभुक्त्वास्वनगरंययौ ॥२१॥

ટીકા—તે કઠીઆરો તે બ્રાહ્મણના મુખથી સત્યદેવનું વ્રત સાંભળીને ઘણો હરખીત થયો,ને તે બ્રાહ્મણે પ્રસાદ આપ્યો તે ભક્ષણ કર્યો. ને ત્યારપછી જળપાન કરીને પોતે પોતાના ગામમાં આવ્યો.

सत्यनारायणंदेवंमनसाह्यचिंतयन । काष्ठंविक्रयतोग्रामेप्राप्यतेचाद्ययद्धनम् ॥२२॥
टीका—ते कठीआरो पोताना मनने करी सत्यनारायणु देवनुं चींतवन करतो माथा उपर लाकडानो भारो लईचाल्यो.

तेनैवसत्यदेवस्यकारिष्येव्रतमुत्तमम्॥इतिसंचिंत्यमनसाकाष्ठंधृत्वातुमस्तके ॥२३॥ जगामनगरेरम्येधनिनांयत्रसंस्थितिः॥ तद्दिनेकाष्ठमूल्यंचद्विगुणंप्राप्तवानसौ ॥२४॥

टीका—ते कठीआराए मनमां संकल्प करेलो छेके आज दीवसे लाकडाना भाराकुं ज मुल आवे ते सघळा पईसाए करी सत्यदेवनुं व्रत हुं करीश. हेवो मनमां विचार करीने ते ब्राह्मणने त्यांथी लाकडानो भारो माथा उपर मुक्यो हतो. त्यांथी चालीने नित्य प्रतिजतो ते गामथी ते दिवस सारा पैशावाळा लोकोना गाममां गयो. ते दिवसे लाकडाना भारानुं बमणु मुल मळ्युं.

ततःप्रसन्नहृदयःसुपक्वंकदलीफलम्॥शर्करांघृतदुग्धंचगोधूमस्यचचुर्णकम्॥२५॥
टीका—त्यार पछी प्रसन्न मन थईने सारां पाकां केळां, खांड, घी, दुध, घउंनोलोट विगेरे सारी सामग्री लीधी.

कृत्वैकत्रसपादंचगृहीत्वास्वगृहंययौ ॥ ततोबन्धुन्समाहूयकाराविधिनाव्रतम् ॥ २६ ॥ तद्व्रतस्यप्रभावेनधनपुत्रान्वितोऽभवत् ॥ इहलोकेसुखंभुक्त्वाचातेसत्यंपुरंव्रजेत् ॥२७॥

टीका—ते सघळी सामग्री सवाई लईने पोताना घरने विषे आव्यो.ने पोताना सघळा सगावहालाने बोलाव्या ने विधिविधान पुर्वक व्रत आचरणु कर्युं. ते व्रतना प्रभावे करीने धनधान्य सुखसंपति वाळो थयो आ लोकने विषे सुख पुर्वक रही अंते सत्यदेवनो लोक जेते मोक्षधाम कहेछे ते लोकनी प्राप्तिए पोहोंच्यो ए प्रकारे सुतपुराणीए शौनकऋषिना प्रति कह्यु. इतीश्री स्कंदपुराणे रेवाखंडे सत्यनारायणु कथा प्रसंगनो बीजो अध्याय पुर्णु. बीजो अध्यायसमाप्त

इतिश्रीस्कंदपुराणेरेवाखंडेसत्यनारायणकथाप्रसंगनोबिजोअध्यायपुर्ण.॥

दिनेदिनेधनंदत्त्वाद्विजां संतोषयत्सुधी.॥२॥

श्रीसुतउवाच पुनरग्रेप्रवक्ष्यामिश्रृणुध्वंमुनिसत्तमाः॥पुराचोल्काामुखोनामनृपश्चासीन्महीपातिः॥१।

जितेंद्रियःसत्यवादीययौदेवालयंप्रति॥ भार्यातस्यप्रमुग्धाच. सरोजवदनासती ॥३॥ भद्रशीला नदीतीरे सत्यस्यव्रतमाचरत् ॥ एतस्मिन्नंतरेतत्रसाधुरेकःसमागतः ॥ वाणिज्यार्थंबहुधनैरने कैःपरिपूरितः॥४॥नावंसंस्थाप्यतत्तीरेजगामनृपतिंप्रति॥दृष्ट्वासव्रतिनंभूपंपप्रच्छविनयान्वितः ॥५॥

. ટીકા—ફરીથી સૂત પુરાણી કેહેછે. હે શૌનકાદિ ઋષિઓ સાવધાન થઈને તમો સાંભળો. હું તમારી આગળ સત્યનારાયણની કથા વ્રત હેઠ કરવાને સારૂં બીજો ઈતિહાસ કહું તે તમો સાંભળો. પૂર્વકાળમાં ઉલકા મુખ નામે રાજા થયો. તે રાજા ઘણો સત્યવાદી, જીતેંદ્રિય, ઘણો વિદ્વાન હતો. તે રાજાની સ્ત્રી પ્રમુગ્ધા નામે હતી રૂપે સાક્ષાત લક્ષ્મી જેવી રહી. તે ઘણો ધર્મશીળ હતો. દિન દિન પ્રતિ રાજકરણની પેઠે દાન કરવું. ને બ્રાહ્મણ વિગેરે દીનલોક ભુખ્યા તરશ્યા વિગેરે સર્વને સંતોષવા. હવો મોહાન બુદ્ધિવાન હતો. તે રાજા કોઈ કાળને વિષે ભદ્રશીલા નામે નદીને તીરે જઈને સત્યનારાયણનું વ્રત કરતો હતો. તે સમે ત્યાં એક વાણીઓ (સાધુ) નામે આવ્યો. તે વાણીઆ સાથે ઘણા માણસો હતાં. તેમજ ઘણુ દ્રવ્ય પણ હતું. ને તેની સાથે પોતાના ઘરના દેશાવરી વાહાણ ભરેલાં હતાં. તે વાણીઓ તે નદીને તીરે સત્યનારાયણ દેવનું વ્રત આચરણ કરવાવાળા રાજાને જોઈને ત્યાં આવ્યો. ને રાજાના પ્રતિ નમસ્કાર કરીને પુછવા લાગ્યો.

साधुरुवाच. किमिदंकुरुषेराजन्भक्तियुक्तेनचेतसा॥प्रकाशंकुरुतत्सर्वंश्रोतुमिच्छामिसांप्रतं॥६॥

ટીકા—તે સાધુ નામે વાણીઓ પુછેછે કે હે રાજન તમો ભક્તી ભાવ યુક્ત સાવધાન થઈ ચિત્ત વૃત્તી એકાગ્ર થઈને શું કરો છો. ને તમોએ સુભવ્રત કેમ આરંભ્યું છે. તે શુભ વ્રત હું સાંભળવાની ઈચ્છા કરૂં છઉં. વાસ્તે જે તમે શુભ કર્મ આરંભ્યુ છે તે મારી આગળ કહો.

राजोवाच. पूजनंक्रियतेसाधोविष्णोरतुलतेजसः॥व्रतंचस्वजनैःसार्धंपुत्राद्यावाप्तिकाम्यया ॥७॥

ટીકા—રાજા કેહેછે હે વણિક. જેના મહિમાંનો પાર ન આવે એવા સત્ય દેવનું વ્રત પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય, સુખ સંપતિને વાસ્તે સગા સંબંધી સહીત હું વ્રત કરૂં છઉં.

भूपस्यवचनंश्रुत्वासाधुः प्रोवाचसादरं सर्वंकथयमेराजन्करिष्येहंतवोदितं ॥८॥ ममापिसंतति

नास्तिएतस्माज्जायतेध्रुवम् ॥ ततोनिवृत्यवाणिज्यात्सानंदोगृहमागतः ॥९॥ भार्यायैकथितंसर्वं व्रतंसंततिदायकं ॥ तदाव्रतंकरिष्यामियदामेसंततिर्भवेत् ॥१०॥

ટીકા—ઉલકા મુખ રાજાનું વચન સાંભળીને આદર સત્કાર પુર્વક તે સાધુ નામે વાણિઓ રાજાના પ્રતિ બોલ્યો- હે રાજન્ તમો એ વ્રત હમોને વિસ્તારીને કહો. જે વિધાનથી તમો મને કહેશો. તે રીતે એ વ્રત હું પણ કરીશ. હે મહારાજ મને પણ પુત્ર કે પુત્રિ નથી. ને એ વ્રતે કરીને જરૂર બાળક થશે. હવો હું પણ નિશ્ચે કરૂં. એ વ્રતનું વિધી વિધાન સાંભળીને પોતે તે વાણિઓ ભદ્રસીલા નદિના તીરથીજ પાછો ફરીને પોતાને ઘેર આવ્યો. ને પોતાની સ્ત્રી આગળ વાત કરીને ઘણો આનંદ પામ્યો ને કહ્યું કે પુત્રને પ્રાપ્તિ કરવા વાળું વ્રત આપણે જરૂર કરવું. ને પોતે ઘણી ઘણીઆણી બંને જણે નિયમ લીધો કે હમોને સંતતી પ્રાપ્તિ થશે. ત્યારે હમારે સત્યનારાયણ દેવનું વ્રત આચરણ કરવું. હવો નિયમ ધારણ કર્યો.

इतिलीलावतींप्राहपत्नींसाधुःससत्तमः ॥ एकस्मिन्दिवसेतस्यभार्यालीलावतीसती ॥११॥ भर्तृयुक्तानंदचित्ताऽभवेद्गर्भपरायणा ॥ गर्भिणीचाभवत्तस्यभार्यासत्यप्रसादतः ।१२॥ दशमासागतेतस्याःकन्यारत्नमजायत ॥ दिनेदिनेसाववृधेशुक्लपक्षेयथाशशी ॥१३॥ नाम्नाकलावतिचेति तन्नामकरणंकृतं॥ ततोलीलावतीप्राहस्वामीनंमधुरंवचः॥१४॥ नकरोषिकिमर्थंवैपुरासंकल्पितंव्रतं

ટીકા.—એ પ્રકારે લીલાવતી નામે પોતાની સ્ત્રીના પ્રતિ સાધુ નામે વણિકે કહ્યું. કાંઈ એક કાળ ગયા પછી એક દીવસે અતિ આનંદ હરખીત થઈને સત્ય દેવનું વ્રત ધારણ કરવા વાળી જે લીલાવતી. તેણે પોતાના સ્વામી પ્રતી કહ્યું કે હે સ્વામી સત્યદેવના પ્રસાદે કરીને મને ગર્ભ ધારણ થયો. એમ કહ્યા પછી કાંઈ એક કાળે દશ માસની અવધી થવાથી રત્ન જેવી કન્યા ઉત્પંન થઈ. તે કન્યાનું નામ કલાવતી એવું ધર્યું ત્યાર પછી વરસ બે વરસ વિતવાથી લીલાવતીએ પોતાના સ્વામીને કહ્યું કે હે સ્વામી આપણે સત્યનારાયણ દેવનું વ્રત ધારણ કરેલું છે તે વ્રત કેમ નથી કરતા? માટે તે વ્રત તમે કરો. એ સત્ય દેવની કૃપાએ કરીને આગળ જતાં આપણું સારૂં થશે. એ પ્રમાણે લીલાવતીએ પોતાના સ્વામી પ્રતિ કહ્યું.

साधुरुवाच. विवाहसमयेह्यस्याःकरिष्यामिव्रतंप्रिये ॥१५॥ इतिभार्यांसमाश्वास्यजगामनगरंप्रति ॥ ततःकलावतीकन्याववृधेपितृवेश्मनि ॥१६॥

ટીકા—વાણીઓ કહેછે હે સુંદરી હે પ્રીયે. એ છોકરીના જ્યારે લગ્ન કરીશું, ત્યારે સત્યદેવનું વ્રત કરીશું. એ પ્રકારે લીલાવતી નામે પોતાની સ્ત્રીને સમજાવીને નગરમાં ચાલ્યો ગયો. ત્યાર પછી કલાવતી કાંઈ એક કાળજતામાં મોટી લગ્ન કરવા જોગ થઈ.

दृष्ट्वाकन्यांततःसाधुर्नगरेसखिभिसह:॥ मंत्रयित्वाद्रुतंदूतंप्रेषयामासधर्मवित् ॥१७॥ विवाहार्थंचकन्यायावरंश्रेष्ठंविचारय॥तेनाज्ञप्तश्चदूतोसौकांचनंनगरंययौ॥१८॥

ટીકા—ત્યાર પછી ઘણી છોકરીઓ સાથે પોતાની છોકરી રમતી જોઈને સાધુ વાણિઆએ વિચાર કર્યો કે આપણી છોકરી પરણવા લાયક થઈછે. માટે પોતાના ઘરના મેહેતાને બોલાવીને કહ્યું કે આ છોકરી જોગ સારો રૂપવાન, ગુણવાન, કુળવાન, વર લઈ આવ. હેવું કહ્યું ત્યારે તે દુત પોતાના શેઠની આગ્ના માથે ચડાવીને ત્યાંથી ચાલ્યો. તે કાંચનપુરી નામે નગર હતું ત્યાં આવ્યો.

तस्मादेकंवणिक्पुत्रंसमादायागतोहिसः ॥ दृष्ट्वातुसुंदरंबालंवणीक्पुत्रंगुणान्वितं ॥१९॥ ज्ञातिभिर्बंधुभिःसार्द्धंपरितुष्टेनचेतसा ॥ दत्तवान्साधुपुत्रायकन्यांविधिविधानतः ॥२०॥ ततोभाग्यवशात्तेनविस्मृतंव्रतमुत्तमं ॥ विवाहसमयेतस्यास्तेनरुष्टोभवत्प्रभु:॥२१॥

ટીકા—પોતાના ઘરનો દુત કાંચન નગરથી સારો કુળવાન, ગુણવાન, વાણિઆનો બાળક લઈ આવ્યો. તેને જોઈને સગા વાહાલા તથા જાતીવાળા લોકો ઘણા પ્રસંન્ન થયા. ને તે વાણિઆના છોકરા સાથે પોતાની કન્યા કલાવતીનું લગ્ન વિધી વિધાન પુર્વક કર્યું. તે લગ્ન સમે કાંઈએક કરમના અંતરાયે કરીને સત્યદેવનું વ્રત ભુલી ગયા. તે સમે સત્યનારાયણ દેવ તેમના ઉપર કોપાયમાન થયા. એ વાત તે વાણિઆના જાણ્યામાં નહીં પરંતુ તે વાણિઆનો હેવો વિચાર ખરો કે અત્યાર પછી એ છોકરીનું શીમંત જ્યારે આવશે. ત્યારે કદાશ કરીશું. નહીં તો એ ખરચ વધારવાની કાંઈ જરૂર નથી. હેવી મનમાં ધારણા કરી.

ततःकालेननियतोनिजकर्मविशारदः॥ वाणिज्यार्थगतःशीघ्रंजामातृसहितोवणिक् ॥ २२ ॥
रत्नसारपुरेरम्यंगत्वासिंधुसमीपतः॥ वाणिज्यमकरोत्साधुर्जामात्राश्रीमतासह ॥ २३ ॥ तौग
तौनगरंरम्यंचंद्रकेतोर्नृपस्यच ॥ एतस्मिन्नेवकालेतुसत्यनारायणःप्रभुः ॥ २४ ॥ भ्रष्टप्रतिज्ञमा
लोक्यशापंतस्मैप्रदत्तवान् ॥ दारुणंकठिनंचास्यमहद्दुःखंभविष्यति ॥२५॥

ટીકા—ત્યાર પછી કાળાંતરે તે વાણિયો પોતાના વેપાર રોજગારમાં સાવધાન થઈ પોતાના જમાઈને સાથે લઈને પોતાના ઘરના દેશાવરી વાહણ ભરીને દેશાવર ચાલ્યો. તે સીંધુ દેશમાં સમુદ્રને સમીપ રત્નપુર નામે નગરમાં ગયો. ત્યાં જઈ પોતાના જમાઈ સાથે મળીને મોટો વેપાર ચલાવ્યો. તે નગરનો રાજા ચંદ્રકેતુ નામે છે. તેના પુરમાં જઈ ચેલા વાણિયા વસ્યા. તે સમે સત્યનારાયણ દેવે વિચાર કર્યો કે હેવા ઠગ માણસને મોટું દુઃખ દેવું જોઈએ. કે ફરીથી એવી ઠગ બાજી દેવ સાથે કરે નહીં. એમ વિચાર કરીને કહ્યું જે એ વાણિયાને મોટું દુઃખ, તથા બંધન, તીરસ્કાર વિગેરે ઘણું દુઃખ પ્રાપ્ત થાઓ. હેવો સત્યનારાયણ દેવે શ્રાપ દીધો. એ શ્રાપ તે વાણિયાના જાણ્યામાં નહીં. તેમજ સત્ય દેવનું વ્રત મેં નથી કર્યું. માટે રખે ને તે દેવ મારા ઉપર કોપાયમાન થશે. એવો મનમાં વેહેમ પણ નથી.

एकस्मिन्दिवसेराज्ञोधनमादायतस्करः ॥ तत्रैवचागतःश्चौरोवणिजौयत्रसंस्थितौ ॥ २६ ॥ त
त्पश्चाद्धावकान्दुतानृदृष्ट्वाभीतेनचेतसा ॥ धनंसंस्थाप्यतत्रैवसतुशीघ्रमलक्षितः ॥२७॥

ટીકા—એટલામાં કોઈ એક દિવસે ચોર લોકો રાજાનો ખજાનો ફાડીને ધન લઈને એ બંને સસરો જમાઈ જ્યાં હતા. ત્યાં આવીને ધન મુકી નાશી ગયા. ને તે ધન તે વાણિયાએ પોતાના કબજામાં લીધું.

ततोदूताःसमायातायत्रास्तेसज्जनोवणिक् ॥ दृष्ट्वानृपधनंतत्रबध्वादूतावणिक्सुतौ ॥२८॥ हर्षेण
धावमानाश्चऊचुर्नृपसमीपतः ॥ तस्करौद्वौसमानीतौविलोक्याज्ञापयप्रभो ॥२९॥

ટીકા—તે વખતે ખબર પડવાથી રાજાના દુત દશદિશાથી છુટયા. પરંતુ ચોરી કરનાર માણસો મળ્યાં નહીં. એટલામાં તે વાણિયાના બારણામાં આવીને ઉભા રહ્યા. તો તે બંને જણ સસરો જમાઈ ધીરે ધીરે વાતો કરતા

હતા. તે વખતે રાજાના માણસે તેનું બારણું ઉઘડાવીને જોયું તો રાજાના ખજાનાના મોહોરશીક્કાની કોથળીના તોડાને તોડા સંપુર્ણ મળ્યા, તે વખતે બંને જણને બાંધીને રાજાને ત્યાં લેઈ ગયા. અને બોલ્યા કે રાજન આ બે વાણીઆ દેશાવરના છે. તે આપણા ગામમાં ચોરી કરીને એની પાસેથી રાજધન મળ્યું. હવે તમે કહો તે પ્રમાણે હમે એ બનેને શિક્ષા કરીએ.

राजज्ञप्तैस्ततःशीघ्रंदृढंबध्वातुतावुभौ ॥ स्थापितौद्वौमाहादुर्गेकारागारेऽविचारतः ॥३०॥

टीका—રાજા ચંદ્રકેતુની આજ્ઞાએ કરીને તે બંને જણને બાંધીને પકડ્યા કર્યા વનાજ કેદખાનામાં લઈ જઈને કેદ કર્યા. એ વાત સત્યદેવની અવકૃપાથી થઈ.

माययासत्यदेवस्यनश्रुतंकैस्तयोर्वचः ॥ अतस्तयोर्धनंराज्ञागृहीतंचंद्रकेतुना ॥३१॥ तच्छापाच्च तयोर्गेहेभार्याचैवातिदुःखिता ॥ चौरेणापहृतंसर्वंगृहेयच्चस्थितंधनं ॥ ३२ ॥ आधिव्याधिसमायुक्ताक्षुत्पिपासातिदुःखिता ॥ अन्नचिंतापराभूत्वाबभ्रामचगृहेगृहे ॥३३॥

टीका—સત્યનારાયણ દેવની માયાએ કરીને તે બન્ને વાણિઆએ કહેલી વાત કોઇએ પણ સાંભળી નહીં. ત્યાર પછી તેમનું સઘળું ધન હતું તે લઇને બન્ને જણને કેદ કીધા. એજ પ્રકારે એ વાણિઆને ઘેરે પોતાની સ્ત્રી તથા છો કરી રહ્યાં હતાં. ત્યાં પણ સત્યદેવની માયાએ કરીને રાત્રીને વિષે ચોર લોકો ખાતર પાડીને સઘળું ધન હરણ કરી ગયા. ને ઘરમાં ખાવા ખરચવાનું કાંઇજ રહ્યું નહીં. તે બન્ને જણા મા. દીકરી. અતિ દુઃખી થયાં. ને અન્ન વસ્ત્રને વાસ્તે લોકોને ત્યાં ફરતા ફરે. પરસ્પર કોઇને ત્યાં મેહનત મજુરી કરીને પેટ ભરે. એ પ્રમાણે સત્યદેવે સર્વેને ભમાવ્યાં.

कलावतीतुकन्यापिबभ्रामप्रतिवासरं ॥

टीका—કલાવતી નામે છે તે તો ભુખે કરીને ઘણી પીડાછે ને કોઇને ત્યાં અન્ન માગી ખાઇને દીવસ વીતાવેછે.

एकस्मिन्दीवसेजाताक्षुधार्त्ताद्विजमंदिरं ॥ गत्वाऽपश्यत्तंतत्रसत्यनारायणस्यच ॥३४॥ उप-विश्यकथांश्रुत्वावरंप्रार्थितवत्यपि ॥ प्रसादभक्षणंकृत्वाययौरात्रौगृहंप्रति ॥३५॥ माताकलाव-

तांकन्यांदृष्ट्वापप्रच्छप्रेमतः ॥ पुत्रिरात्रौस्थिताकुत्रकिंतेमनसिवर्तते ॥३६॥

ટીકા—કોઈ એક દિવસ ભુખે કરી અતિ પીડાઈ કલાવતી તે કોઈ બ્રાહ્મણને ઘેરે જઈ બેઠી. તે બ્રાહ્મણને ઘેરે સત્યદેવનું વ્રત આરંભેલું હતું. ત્યાં બેસીને કલાવતીએ સત્યનારાયણની કથા સાંભળી. ને સત્યદેવની વિનંતી કરી જે મારૂં દુઃખ મટે. અને હમારો પિતા, સ્વામી. મળે તો હું પણ એ વ્રતનું આચરણ કરીશ. એ પ્રકારે મનને વિષે નીયમ ધારણ કર્યો. ને પુજા કથા થઇ રહ્યા પછી તે બ્રાહ્મણે પ્રસાદ આપ્યો તે ભક્ષણ કરીને પોતાના ઘરને વિષે કલાવતી આવી. તે સમે તેની માતા લીલાવતીએ ધીરજથી સમજાવીને કલાવતીને કહ્યું જે હે પુત્રી રાત્રની વખત તું કોને ઘેરે ગઈ હતી. કારણ શું જે હે પુત્રી રાત્રની વખતે સ્ત્રી લોકોને કોઈને ઘેરે જવાનો ધરમ નથી. વાસ્તે મનમાં કંઈ ખોટું મા માનશો હેવું કહ્યું.

कन्याकलावतीप्राहमातरंप्रतिसत्वरं॥द्विजालयेव्रतंमातदृष्टंवांछितसिद्धिदं ॥३७॥ तच्छ्रुत्वाकन्य
कावाक्यंव्रतंकर्तुंसमुद्यता ॥३८॥ समुद्यातुवणिग्भार्यासत्यनारायणस्यच ॥ व्रतंचक्रेसैवसा
ध्वीबंधुभिःस्वजनैःसह ॥३९॥ भर्तृजामातरौक्षिप्रमागच्छेतांस्वमाश्रमं॥ (इतिदिव्यंवरंवव्रेस-
त्यदेवंपुनःपुनः) अपराधंचमेभर्तुर्जामातुःक्षंतुमर्हसि ॥४०॥

ટીકા—ત્યારે કલાવતી કન્યાએ પોતાની માતાને કહ્યું જે હે માતા એ વ્રત સત્યદેવનું છે. તે સાંભળીને લીલાવતી પ્રસન્ન થઈ. ને નિયમ લીધો જે મારો સ્વામી તથા જમાઈ પરદેશ ગયા છે તે ધનધાન્યે કરી ખુશી પ્રસન્નથી જલદી આવા મળે ને હમો પણ આહીં ખુશી રહીએ ને હમારા મનના મનોરથ સિદ્ધ થાય ત્યારે હે સત્યનારાયણ દેવ. તમારૂ વ્રત સગા સંબંધી મળીને વિધી વિધાનપુર્વક હમો કરીશું. એ પ્રકારે વાણિયાની સ્ત્રિ લીલાવતીએ નિયમ ધારણ કર્યા. ને વિનંતી કરી જે હે સત્યનારાયણ. મારા સ્વામી તથા જમાઈનો અપરાધ થયો હોય તે ક્ષમા કરજો.

व्रतेनानेनतुष्टोसौसत्यनारायणःप्रभुः ॥४०॥ दर्शयामासस्वप्नंहिचंद्रकेतुंनृपोत्तमं ॥ बंदिनौमोच
यप्रातर्वणिजौनृपसत्तम ॥४१॥ देयंधनंचतत्सर्वंगृहीतंयत्त्वयाधुना ॥ नोचेत्त्वांनाशयिष्यामिसरा

ड्यधनपुत्रकं ॥४२॥एवमाभाष्यराजानंध्यानगम्योऽभवत्प्रभुः ॥

टीका—ते वाणिआनी स्त्रिना नीयम धारण करवाथी सत्यनारायण देव फरीथी प्रसंन्न थया. ने प्रसंन्न थईने चंद्रकेतु राजाने स्वप्नु आप्युं जे हे राजन परदेशि बंदीजन, ए वाणिआने तमो छोडी मुको. ते वाणिआने तमोए विना अपराधे बंधनमां नांख्या छे. ने तमोए तेमनुं संपुर्णु धन हरण करी लीधेलुं छे. ते सघळुं धन तेमने पाछुं आपो. ने तेने आदर सत्कार करीने विदाय करो. नहीं तो तमारा धनधान्य राजपाट स्त्री पुत्र सहीत तमारा कुळनो नाश करीश. ए प्रकारे सत्यनारायण देव राजाने स्वप्नामां कहीने अंतर्धान थया.

ततःप्रभातसमयेराजाचस्वजनैःसह ॥४३॥ उपविश्यसभामध्येप्राहस्वप्नंजनंप्रति ॥ बद्धौमहाजनौशीघ्रंमोचयद्वौवणिक्सुतौ ॥४४॥ ॥४४॥

टीका—त्यार पछी प्रभात काळे राजा उठीने सर्व साथे मळीने सभामां बेठो ते वखते राजाए सभावाळा लोकोने कह्युं जे देशावरना बे वाणीआने केदमां नांखेला छे तेमने जलदी छोडी मुको.

इतिराज्ञोवचः श्रुत्वामोचयित्वामहाजनौ ॥ समानीयनृपस्याग्रेप्राहुस्तेविनयान्विताः ॥ ४५ ॥ आनीतौद्वौवणिक्पुत्रौमुक्तौनिगडबंधनात् ॥ ततोमहाजनौनत्वाचंद्रकेतुंनृपोत्तमम् ॥४७॥ स्मरंतौपूर्ववृत्तांतंनोचतुर्भयविह्वलौ ॥ राजावणिक्सुतौवीक्ष्यवचःप्रोवाचसादरं ॥४८॥ देवात्प्राप्तंमहद्दुःखमिदानींनास्तिवैभयम् ॥ तदानिगडसंत्यागंक्षौरकर्माद्यकारयत् ॥४९॥ वस्त्रालंकारकंदत्वापरितोष्यनृपश्चतौ ॥ पुरस्कृत्यवणिक्पुत्रौवचसातोषयद्भृशं ॥४९॥ पुरानीतंतुयद्द्रव्यंद्विगुणाकृत्यददत्तवान् ॥ प्रोवाचतौनतोराजागच्छसाधोनिजाश्रमं ॥५०॥ राजानंप्रणिपत्याहगंतव्यंत्वत्प्रसादतः॥५०॥

इतिश्रीस्कंदपुराणेरेवाखंडेसत्यनारायणव्रतेतृतीयोऽध्याय.

ટીકા—એ પ્રકારે ચંદ્રકેતુ રાજાનું વચન સાંભળીને અધિકારી લોકો તે બન્ને જણને કેદમાંથી કાઢીને રાજાની
સામે તે બન્ને વાણિયાને લઈ આવ્યા. ને રાજાની આગળ ઉભા રાખીને તેમના પગમાંથી બેડી કાઢીને રાજાને કહ્યું
કે મહારાજ આ બન્ને વાણિયાને આપનો હુકમ થવાથી એના પગમાંથી બેડી કાઢીને તમારી આગળ ઉભા રાખ્યા
છે. એ પ્રકારે સર્વે સભાવાળા લોકો રાજાના પ્રતિ હાથ જોડીને બોલ્યો. તે વાત ચંદ્રકેતુ રાજા સાંભળીને પોતાના
આસન ઉપરથી ઉઠીને તે બન્ને વાણીયાને જોઇને પગે લાગ્યો. ને અતિઆદર સત્કારથી રાજા વચન બોલ્યો. હે વા-
ણિઆ, હેભાઈ તમો દૈવસંજોગે હમારા રાજમાં આવીને મોટું દુઃખ પામ્યા પણ જે દુઃખ થવા સરજીત હતું. તે
થઈ ગયું. હવેથી કશીરીતનું તમોને રતીમાત્ર દુઃખ ન થશે. અને ઘણા દિવસથી તે લોકોના સ્નાન લુગડાં હજામત
વિગેરે દેહની મલીનતા થઈ રહી હતી. તે જોઇને રાજાએ નાપીકને બોલાવીને તે લોકની હજામત કરાવી. ને તેલ
ફુલેલ મરદન કરાવીને સુંદર સ્વચ્છ નિર્મળ જળે કરીને સ્નાન કરાવીને ઉત્તમ રીતે પાંચે પોશાક વિગેરે આભુષણ અ-
લંકાર શોભિત કરીને સારીરીતે સત્કારના વચન કહીને તે વાણીઆનું મન પ્રસન્ન કર્યું ને તેમનું ધન લીધું હતું તે
થકી બમણું ધન આપીને કહ્યું જે હે વણિક તમો તમારે દેશ રાજીખુશીથી જાઓ. હેવું ચંદ્રકેતુ રાજાએ કહ્યું. ત્યારે
તે વાણિઆ મનજણ અતિ પ્રસન્ન થઈને ચંદ્રકેતુ રાજાને પ્રણામ કરીને કેહેવા લાગ્યા કે હે રાજન પોતાની પ્રસન્નતા
થવાથી હમો હમારે દેશ જઇએછીએ. એ બનાવ બન્યો પણ એ વાતનો અભિપ્રાય રાજાને પણ માલમછે નથી. ને
વાણિઆને પણ માલમ છેનહીં હવીરીતે સેજમાં સત્યનારાયણ દેવની કૃપાથી થયુંછે. ઇતિશ્રી સ્કંદ પુરાણે રેવાખંડે
સત્યનારાયણ વ્રત પ્રસંગ નામ ત્રીજો અધ્યાય. ૩

श्रीसूतउवाच.यात्रांतुकृतवान्साधुर्मंगलायनपूर्विकाम् ॥ ब्राह्मणायधनंदत्वातदातुनगरंययौ॥१॥

ટીકા—સુતપુરાણી શૌનકાદિ રૂષી લોકો પ્રત કેહેછે. ચંદ્રકેતુ રાજાની પ્રસન્નતા થયા પછી સાધુ વાણિઆએ
શું કરયું જે તે રાજાના ગામમાંથી નીકળવાને સારૂં જાત્રાનું પ્રસ્થાનું કર્યું ને બ્રાહ્મણ લોકોને બોલાવીને ઘણું દાનપુન્ય
કર્યું ને ત્યાંથી પોતાના દેશ પ્રતિ પ્રયાણ કર્યો.

कीयद्दूरेगतेसाधोसत्यनारायणःप्रभुः॥जीज्ञासांकृतवान्साधोकिमस्तितवनौस्थितम् ॥२॥

ટીકા—તે વાણિઓ તે નગરથી ચાલ્યા પછી નારાયણ દેવ તે વાણીઆની પરીક્ષા જોવા સારૂં પોતે એક સ-

ન્યાસીનો વેશ ધારણ કરીને આવ્યા. ને પુછયું જે હે વણિક તમારા વાહાણને વિશે શું ભર્યુંછે. એમ પુછયું તે સમયે તે વાણીઆઓ સત્યદેવની માયા જાણતો નથી. પણ પોતાના ગર્વથી શું બોલેછે તે સાંભળો.

ततोमाहाजनौमत्तौहेलयाचप्रहस्यवै ॥ कथंपृच्छसिभोदंडिन्मुद्रांनेतुंकिमिच्छसि ॥ ३ ॥ लताप
त्रादिकंचैववर्ततेतरणौमम ॥ निष्ठुरंचवचःश्रुत्वासत्यंभवतुतेवच ॥४॥ एवमुक्त्वागतःशीघ्रंदंडी
तस्यसमीपतः ॥ कियद्दूरेगतोगत्वास्थितःसिंधुसमीपतः॥५॥

ટીકા—ત્યારપછી તે બંને વાણિઆઓએ શું કર્યું કે પ્રથમ તો તે સન્યાસી બાવાની મશ્કરી કરી. ને પછી હસ્યા ને કેહેછે હે સન્યાસિ તમારે પુછીને શું કરવુંછે પરંતુ તમારી દ્રષ્ટિના અભિપ્રાયથી માલમ પડેછે કે કાંઈ હરણ કરવ. આવ્યાછો હવું કહીને ફરીથી બોલ્યો જે સાધુ લોકોને શાકભાજી લતા પત્રાદિક ઘણું વહાલું રહેછે તે હમારા વાહાણમાં છે. એ પ્રકારે ગર્વિષ્ટ વચન સાંભળીને સત્યનારાયણ દેવ બોલ્યા જે હે વણિક તમારા વાહાણમાં તમારા કેહેલાં વચનની વસ્તુ સત્ય થાઓ. એ પ્રકારે સત્યદેવ વચન બોલીને જલદી ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. ને કાંઈ એક દુર સિંધુ નદીથી સમીપમાં જઈને દંડીના વેશે સત્યદેવ ઉભા રહ્યા.

गतेदंडिनिसाधुश्चकृतनित्याक्रियस्तदा ॥ उत्थितस्तरणिंदृष्ट्वाविस्मयंपरमंययौ ॥६॥

ટીકા—સંન્યાસિ ગયા પછી સાધુ વાણિઆ પોતાના કામકાજ ધરમ ધ્યાનમાંથી પરવારીને વાહાણની પાસે ગયો તો વાહાણ સઘળાં ઉપર તરી આવ્યાં ને ડાલમ ડોળ થઈને હાલવા લાગ્યાં તે ચરિત્રને જોઈને વાણિઆ આશ્ચર્ય પામ્યો.

दृष्ट्वालतादिकंचैवमूर्छितोन्यपतद्भुवि ॥ लब्धसंज्ञोवणिक्पुत्रस्ततश्चिंतातोभवत् ॥ ७॥

ટીકા—વાણિઆ આજની રીતે વાહાણમાં જઈને જુવે તો ખરેખરૂં શાકભાજી લતા પત્ર જોઈને ઘણોજ મોહિત થઈ મુર્છા ખાઈને ત્યાંજ પૃથ્થી ઉપર પડયો. તે પોતાના જમાઈએ ઉઠાવીને બેઠો કર્યો. ને ઘણો એક સાવધાન થઈને ચીંતામાં પડયા તે વખતે તેમનો જમાઈ શું બોલ્યો,

तदातुदुहितुःकांतोवचनंचेदमब्रवात् ॥ किमर्थंक्रियतेशोकःशापोदत्तश्चदंडिना॥८॥शक्यतेनेन-

सर्वैहिकर्तुंचात्रनसंशयः॥ अतस्तंशरणंयामोवांछितार्थोभविष्यति ॥९॥

તે સમે પોતાનો જમાઈ એમ બોલ્યો. હે શેઠ શાને વાસ્તે શોક કરોછો. તે સન્યાસી બાવો આપ દઈને જરૂર ગયો એ લોકની વાણી સીદ્ધ રહેછે. તે લોકો હેવું કરવા સમર્થછે જેને જેમ કરવાની ઈચ્છા કરે તેમજ થઈ શકે. વાસ્તે તમે ફિકર નહીં કરો આપણ તેને શોધી કાઢીને તેમના ચરણને નમી દીનતા કરીશું એટલે તેમની પ્રસન્નતાથી આપણા મનવાંછિત મનોરથ સિદ્ધ થઈ ચાલશે આપણ તેને શોધીએ એ પ્રમાણે જમાઈએ તેને સમજાવ્યો.

जामातुर्वचनंश्रुत्वातत्सकाशंगतस्तदा ॥ दृष्ट्वाचदंडिनंभक्त्यानत्वाप्रोवाचसादरं ॥१०॥ क्षम

स्वचापराधंमेयदुक्तंतवसन्निधौ ॥ एवंपुनःपुनर्नत्वामहाशोकाकुलोभवत् ॥११॥ प्रोवाचवचनं

ટીકા—તે વાણિઆ પોતાના જમાઈનું વચન સાંભળીને પોતે તેને લઈને શોધવાસારૂં ગયા. તે વખતે કોઈ એકાંત જગાએ સન્યાસીબાવા ઉભા હતા. તેને જોઈને અતિ ભાવ ભક્તિથી તેના ચરણે પોતાનું મસ્તક નમાવીને લાંબો દંડવત કર્યા. દંડવત કર્યાપછી અતિ સ્નેહથી બોલ્યો. હે માહારાજ અમારો અજ્ઞાનનો અપરાધ ક્ષમા કરો. એ પ્રકારે ઘણીએક વાર સુધી સન્યાસી બાવાના ચરણે પડી રહ્યો અને પછી અતિ શોક કરીને પીડાઈને મોટી પોક મુકીને રડી ઉઠ્યો.

दंडीविलपंतंविलोक्यच ॥ मारोदिःशृणुमद्वाक्यंममपूजाबहीर्मुखः ॥१२॥ ममाज्ञयाचदुर्बुद्धेल

ब्धंदुःखंमुहुर्मुहु ॥ तच्छ्रुत्वाभगवद्वाक्यंस्तुतिंकर्तुंसमुद्यतः ॥१३॥

ટીકા—તે વખતે સન્યાસી બાવાએ તે લોકોનું વચન વિલાપનું સાંભળીને તેમના તરફ જોયું તો અતિ દુઃખી થઈ રહ્યા. એ ચરિત્ર જોઈને સન્યાસીને અતિ કરૂણા ઉત્પન્ન થઈ. ને બોલ્યા કે હે પુત્ર શાને વાસ્તે રડો છો. તમો છાના રહી જાઓ. ને મારૂં વચન સાંભળો. હે વાણિઆ મારી પુજાથી તમો બહિર્મુખ થયા. અને મારી પુજા કથા વ્રતને ત મોએ અપમાન કર્યું. ને મારી મશ્કરી બનાવી. તેણે થકી તમોને મ્હોટું દુઃખ થયું. હેવું સાંભળીને તે બંને જણ વિનં તિ કરવા લાગ્યા. ને બોલ્યા કે હે માહારાજ તમો જે કેહેશો તે હમે જરૂર કરીશું. હવેથી કદાપી હમો ચુકીશું નહીં. એ પ્રકારે તે બંને જણ દેવની સ્તુતી કરવા લાગ્યા.

साधुरुवाच.त्वन्मायामोहिताःसर्वेब्रम्हाद्यास्त्रिदिवौकसः ॥ नजानंतिगुणान्रूपंतवाश्चर्यमिदंप्रभो

॥१४॥ मूढोहंत्वांकथंजानेमोहितस्तवमायया ॥ प्रसिदपूजयिष्यामियथाविभवविस्तरैः ॥१५॥

पुरावित्तंचतत्सर्वंत्राहिमांशरणागतं ॥ श्रुत्वाभक्तियुतंवाक्यंपरितुष्टोजनार्दनः ॥२६॥

ટીકા—હેવું વચન સાંભળીને તે વાણિઆએ વિચાર કર્યો જે એ સત્યનારાયણ દેવ માલમ પડેછે. વાસ્તે એમને ઘણીએક સ્તુતી વંદના કરીને પ્રસન્ન કરશું. તો આપણને સઘળો લાભ થશે. હેવું સમજીને બોલ્યો હે દેવ તમારી માયાએ કરીને બ્રહ્માદિ દેવતા સઘળા મોહીત થઈ રહ્યા છે તો હમો પામર પ્રાણી કોણ માત્ર! વાસ્તે હે દેવ તમારા ગુણને, તમારા રૂપને, તમારા કર્તવ્યને, હમો કેમ જાણી શકીએ. વાસ્તે હે દેવ તમારા કર્તવ્ય સઘળાં આશ્ચર્ય જેવાં છે. ને હે દેવ હમો તો મુઢ અગ્નાન છઈએ. તમારી માયાથી મોહિત થઈ રહ્યા. ને ન કરવાનાં કાજ સઘળાં કરીએ છૈએ. વાસ્તે હે દેવ તમો પોતાના દયાળું સ્વભાવે કરીને હમારા ઉપર પ્રસંન્ન થાઓ. ને હમો હમારા વીત્ત વૈભવના વિસ્તાર પુર્વક તમારી પુજા કરીશું. ને હમારા વાહાણમાંનું સઘળું દ્રવ્ય લતાપત્ર થઈ ગયું છે. તે હમોને આગળની રીતે પાછું દ્રવ્ય થવું જોઈએ. હે માહારાજ આ વખત તમારાવિના હમોને બીજો આધાર કોઈપણ છે નહીં. તે સાભળીને સત્યદેવ પ્રસંન્ન થઈને બોલ્યા.

वरंचवांछितंदत्वातत्रैवांतर्दधेहरिः ॥ ततोनावंसमारुह्यदृष्ट्वावित्तप्रपूरिताम् ॥२७॥

ટીકા—તે વખતે સત્યદેવ પ્રસન્ન થઈને બોલ્યો. હે વણિક તમારા મનવાંછિત ફળ મળો એમ કહીને સત્યદેવ અંતર્ધાન થયા. ત્યાર પછી તે વાણિઆ પોતાના વાહાણ ઉપર ચડ્યો ને વાહાણમાં જોયું તો જેવાં પોતાના વાહાણ ભર્યાં હતાં તેમના તેમ ભર્યાં છે એમ જોયુ.

कृपयासत्यदेवस्यसफलंवांछितंमम ॥ इत्युक्त्वास्वजनैःसार्द्धंपूजांकृत्वायथाविधि ॥२८॥ हर्षेण चाभवत्पूर्णः सत्यदेवप्रसादतः ॥ नावंसंयोज्ययत्नेनस्वदेशगमनंकृतं॥२९॥ साधुर्जामातरंप्राह पश्यरत्नपुरींमम ॥ दूतंचप्रेषयामासनिजवित्तस्यरक्षकम् ॥३०॥

ટીકા—તે વાણિઓ પોતાના સાથવાળા લોકોને કહેછે કે સત્ય દેવની કૃપાએ કરીને આપણા મનના મનોરથ સિદ્ધ થયા. એવું કહીને પોતાના સાથીઓ સાથે મળીને ત્યાંજ સત્ય નારાયણ દેવની પુજા વિધિપુર્વક કરી. ત્યારપછી અતિ આનંદથી બોલ્યો આપણને સત્ય દેવની કૃપા થઈ હવે આપણા વાહાણ તૈયાર કરો કે જલદી દેશમાં જઈએ. હેવું કહીને વાહાણ ત્યાંથી હંકાર્યાં તે પોતાના દેશમાં આવ્યાં ને પોતાના દેશ સમીપ આવ્યાં તે વખતે સાધુવાણિઓ પોતાના જમાઈ પ્રતિ કહેછે હે ભાઈ આપણું નગર માલમ પડેછે. એમ કહીને પોતાનો મુનીમ હતો તેને કહ્યું જે તમો આપણે ઘેરે જઈને સરવેને ખબર આપો તે વખતે તે મુનીમ નગરમાં ગયો.

दूतोसौनगरंगत्वासाधुभार्याविलोक्यच ॥ प्रोवाचवांछितंवाक्यंनत्वाबद्धांजलिस्तदा ॥२१॥ निकटेनगरस्यैवजामात्रासहितोवणिक् ॥ आगतोबंधुवर्गैश्चवित्तैश्चबहुभिर्युतः ॥२२॥

टीका—ते दुत नगरमां जईने साधुवाणियानी स्त्रिने जोईने पगे लाग्यो. ने हाथ जोडीने मन संतोषवुं वचन बोल्यो. आपणा नगरनी समीपमां तमारा जमाई सहित पोतानी साथेना बंधु वर्गसहीत घणाएक पैसा कमाईने तमारो स्वामी शेठजी आनंद कुशळथी आव्या हेवुं कहुं.

श्रुत्वादूतमुखाद्वाक्यंमाहाहर्षवतीसती ॥ सत्यपूजांततःकृत्वाप्रावोचतनुजांप्रति ॥२३॥ व्रजामि शीघ्रमागच्छसाधुसंदर्शनायच ॥ इतिमातृवचःश्रुत्वाव्रतंकृत्वासमाप्यच ॥२४॥

टीका—दुतना मुखनुं वचन सांभळीने वाणियानी स्त्री अति हरखीत थईने सत्यदेवनी पुजा करीने सत्यदेवने नैवेद करीने ते प्रसाद पोते स्विकार कर्यो ने पोतानी कन्याने कह्युं जे आ सत्यदेवनो प्रसाद आरोगीने तमो हमारी साथे चालो. जलदी आपणे जईने तमारा पीताना दर्शन करीए त्यारे ते छोकरीए मातानुं वचन सांभळीने तेज वखते सत्यनारायणनुं व्रत समाप्ति करी प्रसादने त्यांज पडतो मुक्यो. ने पोताने त्वरा थई जे मारा स्वामीने जलदी जईने हुं निरखुं. ए अभिप्राय ते छोकरीनी माताना जाणवामां नहीं.

प्रसादंचपरित्यज्यगतासापिपतिंप्रति॥तेनरुष्टःसत्यदेवोभर्तारंतरणींतथा॥२५॥ संहृत्यंचधनैःसार्द्धंजलेतस्मिन्नमज्जयत् ॥ ततःकलावतिकन्यानविलोक्यनिजंपतिं ॥ २६ ॥ शोकेनमहतातत्ररुदंतीचापतद्भुवि॥दृष्ट्वातथाविधांनावंकन्यांचबहुदुःखिताम् ॥२७॥

टीका—ते कन्या सत्य नारायण देवनो प्रसाद छोडीने जलदी पोताना स्वामीने मळवा आवी. ते अपमान करीने सत्यदेव तेमना उपर कोपायमान थया. ने कोपायमान थईने शुं कर्युं जे वाहाणमां ते कन्यानो धणी बेठो हतो. ते सहित ते वाहाण अद्रश्य थई गयुं. ते चरित्र जोईने ते कन्या अति दुःखी थई. हेवीरीते अति शोकातुर कन्या साधु वाणियाए जोई.

भीतेनमनसासाधुःकिमाश्चर्यमिदंभवेत् ॥ चिंतयंतश्चतेसर्वेबभुवुस्तारिवाहकाः ॥२८॥ ततोली

लावतीकन्यांदृष्ट्वासाविह्वलाभवेत् ॥ विललापातिदुःखेनभर्त्तारंचेदमब्रवीत॥२९॥

ટીકા—તે સમે તે સાધુવાણિઆ ઘણોજ મનથી ડરીને વિચાર કરે જે આ મોટા આશ્ચર્ય જેવી વાત થઈ અને વાહાણના ચલાવવા વાળા લોકો પણ અતિ આશ્ચર્ય થયા.ને લિલાવતિ પણ પોતાની કન્યાને અતિદુઃખી જોઈ નેઘણીજ ગભરાઈ ગઈ ને પોતાના સ્વામી સાધુ વાણિઆના પ્રતિ બોલી.

इदानींनौकयासार्द्धंकथंसोऽभूदलक्षितः ॥ नजानेकस्यदेवस्यहेलयाचैवसाहृता ॥ ३० ॥ स-
त्यदेवस्यमाहात्म्यंज्ञातुंवाकेनशक्यते ॥ इत्युक्त्वाविललापैवततश्चस्वजनैःसह ॥३१॥ ततोली
लावतीकन्यांक्रोडेकृत्वारुरोदह ॥ ततःकलावतीकन्यानष्टेस्वामिनिदुःखिता ॥३२॥ गृहीत्वा
पादुकेतस्यानुगंतुंचमनोदधे ॥ कन्यायाश्चरितंदृष्ट्वासभार्यःसज्जनोवणिक् ॥३३॥

ટીકા—શું બોલી તે શેઠાણી તમો હમો સઘળા જોઈએછે. આ વાહાણમાં આપણો જમાઈ બેઠો હતો.તે જોતાં જોતાંમાં અદૃષ્ટ થઈ ગયો. એ તો કંઈ પણ કારણ છે અથવા કોઈ દેવનો અપરાધ થવાથી એમ જરૂર બને. અથવા સત્યદેવનું માહાત્મ કોઈ જાણી શકતું નથી. હમોને તો તે દેવના મહાત્મનો અનુભવ થયોછે એ પ્રકારે વાતો કરીને સ્ત્રી સ્વભાવથી ભુલીને ઘણા એક લોકો મળીને રડવા લાગ્યા ને પોતાની કન્યાનાં વિધવાપણાનાં દુઃખનો વિચાર કરીને કન્યાને પોતાની પાસે બેસાડીને માથા ઉપર હાથ મુકીને વળી પાછાં રૂદન કરવા લાગ્યા. કન્યાએ પણ પોતાના સ્વામીના મરણની પાદુકા હતી તે લઈને બળી મરવાનો વિચાર કર્યો ત્યારે તે વાણિઆ વિચાર કરે.

अतिशोकेनसंतप्तश्चिंतयामासधर्मवित् ॥ हृतंवासत्यदेवेनभ्रांतोहंसत्यमायया ॥ ३४ ॥ सत्यपू-
जांकरिष्यामियथाविभवविस्तरैः ॥ इतिसर्वान्समाहूयकथयित्वामनोरथम् ॥३५॥ नत्वाचदंडव
द्भूमौसत्यदेवंपुनःपुनः ततस्तुष्टःसत्यदेवोदीनानांपरिपालकः ॥ ३६ ॥ जगादवचनंचैनंकृपया
भक्तवत्सलः ॥ त्यक्त्वाप्रसादंतेकन्यापतिंद्रष्टुंसमागता ॥३७॥

ટીકા—તે વાણિઆએ અતિશોકે કરી ક્રોધાયમાન થઈને પરમ વિચારથી ચિંતા કરી. જે જરૂર સત્યદેવની માયા-એ કરીને હું ભ્રમણામાં પડ્યો. હવેથી હું વૈભવ વિસ્તાર પૂર્વક સત્યનારાયણ દેવની પુજા કરીશ. એ પ્રકારે સઘળા

હાલમવાસીને બેસાડીને પોતે સત્યદેવના વ્રતનો નિયમ લીધો. ને આકાશ સૂરજ સનમુખ શાક્ષીરૂપ રાખીને પોતે સુર-જને દંડવત્ સત્યનારાયણુની ભાવનાથી કર્યો. તે સમે સત્યદેવ અતિદિન દયાળ ભક્તવત્સલ. ભક્તાધીન. પોતાના સ્વ-ભાવે કરીને છે. તે આકાશ વાણીથી પ્રસંન્ન થઈને બોલ્યા. કે હે વણિક તમારી સ્ત્રીએ હમારી વ્રત પુજા કરી હતી અને નૈવેદ્ય ધરાવ્યો હતો. તે પ્રસાદ ત્યાગ કરીને છોકરી કલાવતી પોતાના સ્વામીના દર્શનને સારૂં દોડી આવી.તે મારા પ્રસાદનું અપમાન કર્યું. તેણુ કરીને આ વાત બની છે.

अतोऽदृष्टोभवत्तस्याःकन्यकायाःपतिर्ध्रुवम् ॥ गृहंगत्वाप्रसादंचभुक्त्वायायातिचेत्पुनः ॥३८॥ल

ब्धभर्त्रीसुतासाधोर्भविष्यतिनसंशयः॥कन्यकातादृशंवाक्यंश्रुत्वागगनमंडलात् ॥३९॥क्षिप्रंतदा

गृहंगत्वाप्रसादंचबुभोजसा ॥ सापश्चात्पुनरागत्यददर्शसजनंपतीम्॥४०॥

ટીકા—મારા પ્રસાદનું અપમાન કર્યું એજ કારણુથી આ કન્યાનો પતિ અદૃષ્ટ થઈ ગયોછે. ને એ કન્યા પાછી ઘેર જઈને મારો પ્રસાદ સેવન કરીને આવશે તો એમના પતિ વાહાણુ સહીત સુંદર રીતે દર્શાયમાન થશે એ વાતમાં કંઈજ સંદેહ નથી. હવી આકાશવાણી કન્યા કલાવતીએ સાંભળીને તેજ વખત પોતાને ઘેર જઈને પ્રસાદ ભક્ષણુ કર્યો. ને પ્રસાદ સેવન કરીને પાછી ફરીથી જ્યાં પોતાનો સ્વામી જોવામાં નહીં આવેલો તે ઠેકાણુ જઈને જુએ છે તો પોતાનો સ્વામી વાહાણુ સહીત સુંદર રીતે બેઠેલો જોયો. ને પોતે પોતાના મનમાં ઘણુંીજ પ્રસંન્ન થઈ.

ततःकलावतिकन्याजगादपितरंप्रति॥इदानींचगृहंयाहिविलंबंकुरुषेकथम् ॥४१॥

ટીકા—ત્યાર પછી કલાવતી પોતાના પીતા પ્રતિ બોલી હે પીતા હવે વિલંબ શાને વાસ્તે કરોછો. જલદી આપ-ણુા ઘરને વિષે ચાલો આ જગ્યાએ હવે વિલંબ કરવો તે મોટી ભૂલછે.

तच्छ्रुत्वाकन्यकावाक्यंसंतुष्टोभूद्वणिकसृतः॥ पूजनं,सत्यदेवस्यकृत्वाविधिविधानतः ॥४२॥धनैर्बं

धुगणैःसार्द्धंजगामानिजमंदीरं॥पौर्णमास्यांचसंक्रांतौकृतवान्सत्यपूजनम् ॥४३॥ इहलोकेसुखंभु

क्त्वाचांतेसत्यपुरंव्रजेत् ॥४४॥ इतिश्रीस्कंद० रेवाखंडे सत्य०कथायां चतुर्थोऽध्यायः ४

ટીકા—વિલંબ શાને વાસ્તે કરોછો. હેતું વચન કલાવતીનું સાંભળીને તે વાણિયાએ સત્યદેવનું પુજન વિધિ વિ-ધાન પુર્વક ત્યાંજ કર્યું. ત્યાર પછી પોતાને ઘેર જઈને સંક્રાંતપુર્ણુ માસી રવિવાર હેવા સારો જોગ જોઈને ઘણુાએક પોતાના સગા સંબંધીઓને બોલાવીને ઘણું એક ધન ખરચાય. હેવા ઉમેદથી સત્યનારાયણુ દેવનું પુજનવિધિ વિધાનથી

સારા વિદ્વાન બ્રાહ્મણોને બોલાવીને કર્યું. ત્યારપછી તેજ દિવસથી વરસો વરસે પુર્ણમાસીને દિવસે સત્યદેવનું પુજન કથા બ્રહ્મભોજન દક્ષણા વિગેરે જે કંઈ ધર્મમાર્ગે વપરાય તે સત્યદેવ સંબંધે કરીને કરવું. એ પ્રકારે તે વાણિઆ જીવતાસુધી આનંદથી રહ્યો. ને અંતે સત્યનારાયણના ધામની પ્રાપ્તિ થઈ. એ કથા સૂતપુરાણી શૌનકરૂષી વિગેરે સરવરૂષી લોકોને નીમીશારણ્યને વિષે કહેછે. ઇતિશ્રી સ્કંદપુરાણે રેવાખંડે સત્યનારાયણ કથાપ્રસંગ નામ ચોથોઅધ્યાય સમાપ્ત થયો.

श्रीसुतउवाच. अथान्यच्चप्रवक्ष्यामिशृणुध्वंमुनिसत्तमाः ॥ आसीत्तुंगध्वजोराजाप्रजापालनत
त्परः॥ १ ॥प्रसादंसत्यदेवस्यत्यक्त्वादुःखमवापसः॥ एकदासवनंगत्वाहत्वाबहुविधान्पशून् ॥२॥
आगत्यवटमूलंचापश्यत्सत्यस्यपूजनम् ॥ गोपाःकुर्वंतिसंतुष्टाभक्तियुक्ताःसबांधवाः ॥३॥ राजा
दृष्ट्वातुदर्पेणनगत्वातंननामसः॥ ततोगोपगणाःसर्वेप्रसादंनृपसन्निधौ ॥४॥ संस्थाप्यपुनरागत्यभु
क्त्वासर्वेयथेप्सितं ॥ ततःप्रसादंसंत्यज्यराजादुःखमवापसः ॥५॥

ટીકા—સુતપુરાણી કેહેછે. હે રૂષિઓ. બીજો કથા ઈતિહાસ કહું છઉં તે સાંભળો. ઉત્તરદેશમાં હીમાલય સમીપમાં રત્નાકરમા નામે નગરી તે નગરીનો રાજા તુંગધ્વજ નામે હતો. મોહાન પરમશીળ પ્રજાપાલન કરવામાં તત્પર. તે રાજા પણ સત્યદેવના પ્રસાદનું અપમાન કરવાથી ઘણું દુઃખ પામ્યો હતો. તે પ્રસંગ તમો સાંભળો. કોઈ કાળને વિષે તે તુંગધ્વજ રાજા શિકાર રમવા ગયો હતો. તે સાથે શિકાર કરેલાં મૃગ પણ હતાં. બીજા સાથી સરવ લોકો પણ હતા. તે સમે તે રાજા શિકાર રમીને આવતામાં નદીના તટ ઉપર એક વડનું વૃક્ષ હતું. તેની છાયા જોઈને રાજા ત્યાં બેઠો. તે વખત વડના વૃક્ષની સમીપે ગોપ લોકો સર્વે મળીને અતિ પ્રસંનતા ભક્તિભાવથી સત્યદેવનું પુજન કરતા હતા. તે સઘળાઓને પુજન કરતા રાજાએ જોયા. પણ પોતાના મોટમપણાના ગર્વથી ત્યાં ગયા પણ નહીં. ને દુરથી માથું પણ નહીં નમાવ્યું. અને ગોપલોકોએ જાણ્યું જે આ તો આપણા નગરનો રાજા છે હતું જાણીને રાજાના સત્કારને લીધે સત્યદેવનો પ્રસાદ ફળાહાર વિગેરે રાજાની સામો મુક્યો ને ગોપલોક પોતાના રાજાને કહ્યું જે હે રાજન આ પ્રસાદ સત્યનારાયણનો છે એવું કહીને પાછા જઈને સત્યદેવનો પ્રસાદ ઈચ્છાપુર્વક આરોગીને પોતાના ઘરને વિષે ચાલ્યા ગયા. ને રાજાની સામો પ્રસાદ રહ્યો. તે ફરીથી રાજાએ જોયો પણ નહીં. ને કોઈને કહ્યું પણ નહીં. તે પોતાના રાજાપણાના ગર્વથી વિચાર કર્યો જે ગોવાળીયાઓએ આપેલો પ્રસાદ આપણે કેમ લઈએ, હેવો વિચાર કરી તે સ્થાનથી ઉઠીને રાજા પોતાને ઘેર આવ્યો. ને પ્રસાદ તો કીડી મંકોડી ખાઈ ગયાં. તે પ્રસાદના મહીમાએ કરીને તે કીડી મંકોડા ઉત્તમ રીતે મનુષ્યનો દેહ પામ્યાં. ને રાજા પોતાને ઘેર જઈને અતિદુઃખ પામ્યો તે વાત આગળ કેહેછે.

तस्यपुत्रशतंनष्टंधनधान्यादिकंचयत् ॥ सत्यदेवेनतत्सर्वंनाशितंममनिश्चितं ॥६॥ अतस्तत्रैव गच्छामियत्रदेवस्यपूजनंम् ॥ मनसातुविनिश्चित्यययौगोपालसन्निधौ ॥७॥

ટીકા—તે તુંગધ્વજ રાજાને સો પુત્ર હતા તે સઘળા મરી ગયા દેશ ઉજ્જડ થઈ ગયો. પરસ્પર ક્લેશ ઉત્પન્ન થયો. એ વિગેરે ઘણું એક અગાઉ જોઈને રાજાના મનમાં કદીપતા ઉત્પન્ન થઈ જે સત્યદેવનો પ્રસાદ ગોવાળીઆએ આપ્યો. તે પ્રસાદનું મેં અપમાન કર્યું તે કારણથી આ વિનાશ થયો હશે એવો નિશ્ચય કર્યો ને મનમાં ધારણા કરી જે તે ગોવાળ જ્યાં બેસે છે ત્યાં મારે જવું એ પ્રકારે વિચાર કરીને પ્રાતઃકાળમાં ઉઠીને પોતે નાહવું ધોવું પોતાનું નિત્યનેમ કરીને જ્યાં ગોવાળ લોકો એકઠા હતા ત્યાં રાજા ગયા. તે ગોવાળ લોકોના પ્રતિ વિનંતિ કરી જે તે દિવસે તમોએ જે વ્રત કર્યું હતું તે વ્રત મને કરાવો હવું રાજાએ કહ્યું.

ततोसौसत्यदेवस्यपूजांगोपगणैःसह ॥ भक्तिश्रद्धान्वितोभूत्वाचकारविधिनानृपः॥८॥ सत्यदेवप्रसादेनधनपुत्रान्वितोभवेत ॥ इहलोकेसुखंभुक्त्वाचांतेसत्यपुरंययौ.॥९॥

ટીકા—ત્યાર પછી તે તુંગધ્વજ રાજાએ ગોપ લોકો સાથે મળીને ભક્તી શ્રધાવાન થઈને તે ગોવાળ લોકોની વિધિ વિધાન પ્રમાણે સત્યનારાયણનું પુજન કર્યું ત્યાર પછી સત્યદેવની પ્રસન્નતા થવાથી થોડાજ કાળમાં ધનધાન્ય પુત્રો પોત્રવાન જીવતાં સુધી ખુશી આનંદથી દિવસ ગુજાર્યા અને અંતે સત્યદેવના લોકની પ્રાપ્તિ થઈ એ પ્રમાણે સત્ય નારાયણની કથા વ્રત પુજનનો મહિમા સુતપુરાણિએ શૌનક રૂષી લોકોના પ્રતિ કહ્યો.

यइदंकुरुतेसत्यव्रतंपरमदुर्लभं ॥ शृणोतिचकथांपुण्यांभक्तियुक्तःफलप्रदाम् ॥१०॥ धनधान्या दिकंतस्यभवेत्सत्यप्रसादतः॥ दरिद्रोलभतेवित्तंबद्धोमुच्येतबंधनात् ॥११॥भीतोभयात्प्रमुच्येतस त्यमेवनसंशयः॥ ईप्सितंचफलंभुक्त्वाचांतेसत्यपुरंव्रजेत् ॥१२॥

ટીકા—જે પુરૂષ સર્વોત્તમ સત્યનારાયણનું વ્રત કરશે અથવા જે કોઈ સત્યનારાયણની પવિત્ર કથા સાંભળે તે મનવાંછિત ફળને પામે છે તે એ કથા સદા સર્વદા સેવન કરવા વાળા પુરૂષને સત્યનારાયણ દેવ પ્રસન્ન થઈને ધનધાન્ય સુખ સંપતિ આપે. એ કથા સેવન કરવા વાળો દરિદ્રિ હોય તો તેની દરિદ્રતા મટે. ને ધનવાન થાય. ને બંધન પડેલા હોય તેનું બંધન મટે. ને કોઈથી ભય થયો તે પુરૂષને સત્યદેવની કૃપાથી ભય મટે. ને સદાકાળ સત્યદેવનું વ્રત કરવા વાળા પુરૂષને મનવાંછિત ફળ પ્રાપ્ત થાય ને જીવતાં સુધી સુખી આનંદ રહે અંતે સત્યનારાયણ દેવના લોકનું સુખ મળે.

इतिवःकथीतंविप्राःसत्यनारायणव्रतं॥यत्कृत्वासर्वदुःखेभ्योमुक्तोभवतिमानवः ॥१३॥

ટીકા—એ પ્રકારે સુતપુરાણી કેહેછે. કે બ્રાહ્મણો સત્યદેવનું વ્રત તમોને હમોએ કહ્યું. વળી એ વ્રતનું વધારે માહાત્મ હું શું કહું. પણ એ વ્રત સર્વ દુઃખથી પ્રાણી માત્રને છોડાવે. ને સુખી કરે. એમાં કાંઈજ સંદેહ નથી.

विशेषतःकलियुगेसत्यपुजाफलप्रदा ॥ केचित्कालंवदिष्यंतिसत्यमीशंतमेवच ॥ १४ ॥ सत्यनारा. केचित ॥ सत्यदेवंतथापरे ॥ नानारूपधरोभूत्वासर्वेषामीप्सितप्रदा ॥१५॥ भविष्यतिकलौसत्यव्रतरूपीसनातनः ॥ यइदंपठतेनित्यंशृणोतिमुनिसत्तमाः ॥ सत्यंनश्यंतिपापानिसत्यदेवप्रसादतः॥१६॥ इतिश्रीस्कंदपुराणेरेवाखंडेश्रीसत्यनारायणकथायांपंचमोऽध्याय. ॥ ५ ॥

ટીકા—વળી સુતપુરાણી કેહેછે કે બ્રાહ્મણો કળિયુગને વિષે સત્યદેવનું વ્રત કથા વિશેષે કરીને ફળ દાયક છે. કેટલાક જનો એ દેવને કાળરૂપ સર્વેનો અંતરજામી કહેછે. કેટલાક તો કહેછે કે એ સાક્ષાત ઇશ્વર છે. કેટલાક જનો તો સત્ય નારાયણજ કહેછે. કેટલાક તો સત્યદેવજ કહેછે. ને જે જેમ માને તેને તેવેજ રૂપે મનવંછુત થઈ તેના મનના મનોરથ પુર્ણ કરેછે. ને કળીયુગને વિષે તો સત્યસ્વરૂપી ભગવાન શ્રી સત્યનારાયણ શીયથી ગુપ્ત હતા. ને પ્રગટ થઈને સર્વદા સીદ્ધિ દાયક પ્રકાશ થઈ રહ્યા. વાસ્તે હે બ્રાહ્મણો. એ સત્ય નારાયણનું વ્રત પુજા કથા સાંભળશે, સંભળાવશે. વ્રત તેમજ પુજા, શુદ્ધ મનથી કરાવશે, તે પ્રાણીઓના પાપનો નાશ થશે. ને પુન્યવાન. પવિત્ર જગતમાં કેહેવાશે એવું તમારી સનમુખમાં સત્ય કહું છઉં એ મધ્યે કાંઈ સંદેહ આનવો નહીં.

હવે સરવ સાંભળવા વાળા જનો પ્રતિ હું કહું છઉં. આ સત્યનારાયણની કથા કેટલેક ઠેકાણે સાત અધ્યાયની પણછે. પરંતુ તે મધ્યે બે અધ્યાય વધારે વિસ્તારેલા છે. પરંતુ તેમાં કંઈ સાર નથી. અને કાશી પ્રાંતમાં સાત અધ્યાયની કથા વંચાય છે પણ આ પ્રાંતમાં પાંચ અધ્યાયની કથા પ્રસંગ કરવામાં આવેછે સત્યનારાયણ વ્રતનો વિચાર જુદોજ એટલો પંચમાધ્યાયનો પ્રસંગ છે. પછી તો આખું સ્કંદપુરાણ એકાશી હજારનું છે તે સઘળું કેહશો સાંભળશો તો કાંઈ બાધ થવાનું નથી. પણ આ સત્યનારાયણ વ્રત કથા પ્રસંગ તો પાંચજ અધ્યાયનો છે ઇતિશ્રી સ્કંદપુરાણે રેવાખંડે સત્ય નારાયણ વ્રત કથા પ્રસંગ સમાપ્ત થયો છે.

સમાપ્ત.